રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

ઇ-ન્યૂઝલેટર એપ્રિલ-૨૦૨૩

# સ્માર્ટ રાજકોટ

## આ અંકની હાઇલાઇટ્સ


- એડવાન્સ ટેક્સ વળતર યોજનાનો પ્રારંભ
- યાત્રાધામ સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાવતા માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
- પ્રગતિમાં રહેલ વિવિધ પ્રોજેક્ટની મુલાકાત લઇ કાર્યની સમીક્ષા કરતા પદાધિકારીશ્રીઓ તથા મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ
- સ્પે. આસિસ્ટન્સ ફોર કેપિટલ ટુ સ્ટેટ યોજના હેઠળ R.M.C.ને આઠ પ્રોજેક્ટ માટે રૂા.૧૦૧.૯૮ કરોડની ગ્રાન્ટ
- અટલ સરોવર પ્રોજેક્ટને આખરી ઓપ
- પ્રિ-મોન્સુન કામગીરી અંગે બેઠક યોજાઇ




## રાજકોટ મહાનગરપાલિકાના ૩૨માં મ્યુનિ. કમિશનર તરીકે શ્રી આનંદ પટેલે ચાર્જ સંભાળ્યો

રાજકોટ મહાનગરપાલિકાના ૩૨માં મ્યુનિ. કમિશનર તરીકે શ્રી આનંદ પટેલે તા. ૦૫–૦૪–૨૦૨૩નાં રોજ સવારે પોતાનો પદભાર સંભાળી લીધો હતો. આ તકે રાજકોટનાં પૂર્વ મ્યુનિ. કમિશનર અને કચ્છ–ભુજ કલેકટરશ્રી અમિત અરોરા ઉપસ્થિત રહ્યા હતા.

વિશેષમાં રાજકોટ મહાનગરપાલિકાનાં નવા નાયબ મ્યુનિ. કમિશનર શ્રી અનિલ ધામેલિયાએ પણ ચાર્જ સાંભળી લીધો હતો.

ચાર્જ સંભાળી લીધા બાદ મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલે મહાનગરપાલિકાના તમામ શાખાધિકારીશ્રીઓ સાથે એક પરિચય બેઠકનું પણ આયોજન કર્યું હતું. આ બેઠકમાં નાયબ કમિશનર શ્રી ચેતન નંદાણીએ મ્યુનિ. કમિશનરશ્રી અને નાયબ મ્યુનિ. કમિશનરશ્રીનું સ્વાગત કરી તેઓને આવકાર્યા હતા.

મ્યુનિ. કમિશનર શ્રી આનંદ પટેલે જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા હોઈ તેનો સીધો સંપર્ક નાગરિકો સાથે રહે છે. લોકોને મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ સારીરીતે પ્રાપ્ત થાય તે ખુબ જ જરૂરી છે. મનપાની સેવાઓ સંબંધી લોકપ્રશ્નોના અને લોક્સુખાકારીની બાબતો અંગે સૌ સંબંધિત સાથે સંકલન કરી જરૂરી કામગીરી પર ભાર મુકવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ એક ટીમ બનીને શહેરની વિકાસયાત્રાને આગળ ધપાવશે.



નવા નાયબ મ્યુનિ. કમિશનર શ્રી અનિલ ધામેલિયાએ પણ ચાર્જ સંભાળ્યો



## રાજકોટ મહાનગરપાલિકાના નવા મ્યુનિસિપલ કમિશનર શ્રી આનંદ પટેલની પદાધિકારીશ્રીઓ સાથે શુભેચ્છા મુલાકાત

રાજકોટ મહાનગરપાલિકામાં તા.૦૫–૦૪–૨૦૨૩ના રોજ મ્યુનિસિપલ કમિશનર તરીકે શ્રી આનંદ પટેલે ચાર્જ સંભાળ્યા બાદ મેયરશ્રીની કચેરી ખાતે મેયર ડો.પ્રદિપ ડવ, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ડે.મેયર કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા વિગેરે સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. પદાધિકારીશ્રીઓએ બુકે આપી મ્યુનિસિપલ કમિશનરશ્રીને આવકારેલ હતા.

આ અવસરે તંત્ર અને શાસક પક્ષના સંકલન સાથે શહેરમાં ચાલી રહેલ જુદા જુદા પ્રોજેક્ટ તેમજ પ્રાથમિક સુવિધાના કામોને તબક્કાવાર આગળ ધપાવવા અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.



રાજકોટ મહાનગરપાલિકાના ૩૨માં મ્યુનિ. કમિશનર શ્રી આનંદ પટેલને પુષ્પગુચ્છ સાથે આવકારી શુભેચ્છા પાઠવતા પૂર્વ મ્યુનિ. કમિશનર શ્રી અમિત અરોરા







# યાત્રાધામ સ્વચ્છતા અભિયાન

## પૌરાણિક મંદિર ખાતે મુખ્યમંત્રીશ્રીએ દર્શન કરી રાજ્યના નાગરિકોની સુખાકારી માટે કરી પ્રાર્થના

રાજકોટ તા.૨૨ એપ્રિલ-સમગ્ર રાજ્યમાં અમલી બનાવાયેલા ''યાત્રાધામ સ્વચ્છતા અભિયાન''નો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટના ભૂપેન્દ્ર રોડ સ્થિત પૌરાણિક શ્રીબાલાજી મંદિર ખાતેથી શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમની શુભ શરૂઆત કરાવતાં પહેલાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ શ્રીબાલાજી મંદિર ખાતે ભગવાન કષ્ટભંજન દેવના દર્શન કરી આરતીમાં સામેલ થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ ભગવાન શ્રીબાલાજી સમક્ષ રાજ્યના પ્રજાજનોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇનું સંતો અને મહંતોએ શાલ, ફુલહાર તેમજ બાલાજી હનુમાનની મૂર્તિ સાથે સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે રાજકોટ શહેરના વિવિધ વોર્ડના કર્મચારીઓની ઉપસ્થિતિમાં ''યાત્રાધામ સ્વચ્છતા અભિયાન''નો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ મહાનુભાવો સાથે સફાઇ કાર્યની શરૂઆત કર્યા બાદ સફાઇ કામદારો સાથે સંવાદ કર્યો હતો. અને સ્વચ્છતા અભિયાનમા 'તેમના સહયોગને બિરદાવ્યો હતો. રાજ્યભરના નાગરિકોની આસ્થાના વાહકસમા પવિત્ર યાત્રાધામોમાં 'સ્વચ્છતા જળવાઇ રહે તે હેતુથી આ અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે, જેમાં પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા, સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા અને રામભાઈ મોકરીયા, ધારાસભ્યશ્રી ડો દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા, મેયર ડો પ્રદીપ ડવ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, પૂર્વ મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, અગ્રણીઓ સર્વશ્રી કમલેશભાઈ મીરાણી, શ્રી રાજુભાઈ ધ્રુવ, શ્રી જીતુભાઈ કોઠારી, મંદિરના મહંતશ્રી વિવેકસાગર સ્વામી અને શ્રી રાધારમણ સ્વામી સહિતના સંતો મહંતો, કલેક્ટરશ્રી પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવ, મ્યુ. કમિશનરશ્રી આનંદકુમાર પટેલ, નગરસેવકો, મહાનુભાવો, પદાધિકારીઓ, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ભાવિકજનો ઉપસ્થિત રહ્યા હતા.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે રાજકોટના શ્રીબાલાજી મંદિર ખાતેથી શુભારંભ










# રૈયાધાર ફિલ્ટર પ્લાન્ટની મુલાકાત લેતા પદાધિકારીશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશનરશ્રી

રાજકોટ શહેરની પીવાના પાણી માટેની વિતરણ વ્યવસ્થા વધુને વધુ સુદ્રઢ બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસને ધ્યાનમાં રાખીને આવશ્યકતા અનુસાર જે-તે વિસ્તારોમાં ESR તથા GSR બનાવવા ઉપરાંત ફિલ્ટર પ્લાન્ટ વગેરે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવતા હોય છે. આવો જ એક પ્રોજેક્ટ રૈયાધાર વિસ્તારમાં આકાર પામી રહ્યો છે. આ પ્રોજેક્ટની કાર્યપ્રગતિની સમીક્ષા કરવા માટે માન. મેયર શ્રી ડૉ. પ્રદિપ ડવ, શહેર ભા.જ.પ. પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયર શ્રી કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી આનંદ પટેલ, વોટર વર્કસ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ માંકડ, શાસક પક્ષના દંડક શ્રી સુરેન્દ્રસિંહ વાળા તથા એડી. સિટી એન્જીનીયર શ્રી કે. પી. દેથરીયા વગેરેએ પ્રોજેક્ટ સ્થળની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમ્યાન પદાધિકારીશ્રીઓ અને કમિશનરશ્રીએ પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં થઈ ચુકેલી કામગીરીની વિગતો મેળવી હતી. આ પ્રોજેક્ટની બાકી રહેલી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તેઓએ સંબંધિતોને સૂચના આપી હતી. આ પ્રોજેક્ટને હાલ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે, અને હવે ટૂંક સમયમાં જ કામગીરી સંપૂર્ણ થઈ જશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સરકારશ્રીની અમૃત યોજના હેઠળ રૈયાધાર ખાતે રૂ. ૨૯.૭૩ કરોડના ખર્ચે ૫૦ મિલિયન લીટર ફિલ્ટર કેપેસિટી ધરાવતો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, હેડ વર્ક્સ, ESR તથા GSR બનાવવાનું કામ ચાલુ છે. આ ફિલ્ટર પ્લાન્ટ ટૂંક સમયમાં કાર્યરત કરી તેમાંથી પાણી વિતરણ ચાલુ કરતા નીચે મુજબ ના વિસ્તારોમાં લાભ મળશે.

૧. રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧,૨,૩ તથા ૯ વિગેરેમાં પાણી વિતરણ પૂરતા ફોર્સથી થઈ શકશે.

૨. રૈયાધાર ફિલ્ટર થી રેલનગર ESRમાં પાણી ટ્રાન્સફર કરી વોર્ડ નંબર ૩ના વિસ્તારોમાં પૂરતા ફોર્સથી પાણી વિતરણ કરી શકાશે.

૩. રૈયાધાર ESR પરથી ૧૫૦' રીંગરોડ પર પાણી ટ્રાન્સફર કરાતા, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ પર ભારણ ઓછું થતાં અંબિકા ટાઉનશીપ તરફના વિસ્તારોમાં ઓછા ફોર્સની સમસ્યાનું નિવારણ થઈ શકશે.

૪. બેડી ફિલ્ટર પ્લાન્ટ પર પાણી ટ્રાન્સફર કરી સેન્ટ્રલ ઝોન હસ્તકના વિસ્તારોમાં ઓછા ફોર્સની સમસ્યાનું નિવારણ થઈ શકશે.

આમ સદરહુ ફિલ્ટર પ્લાન્ટ કાર્યરત થતાં રાજકોટ શહેરની અંદાજીત ૧ લાખની વસ્તીને લાભ મળશે.

## રૈયાધાર ફિલ્ટર પ્લાન્ટની કાર્યપ્રગતિની સમીક્ષા





# સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂા. ૬.૨૫ કરોડના વિકાસ કામો તથા અન્ય કામોને મંજુરી

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક તા. ૨૧-૪-૨૦૨૩ના રોજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં કુલ રૂા. ૬.૨૫ કરોડના વિકાસ કામો તથા અન્ય કામોની દરખાસ્તને મંજુરી આપવામાં આવી હતી.

સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલે જણાવ્યું હતું કે સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગમાં રૂા. ૪૭.૬૫ લાખના ખર્ચે પેવિંગ બ્લોકના કામ, રૂા. ૧૯.૨૪ લાખના ખર્ચે ઓફિસ બિલ્ડીંગના કામ, રૂા. ૪૩ લાખના ખર્ચે બ્રિજ/માઇનોર બ્રિજના કામ, રૂા. ૧૬.૬૧ લાખના ખર્ચે બોક્સ કલ્વર્ટના કામ, રૂા. ૩૫.૩૬ લાખના ખર્ચે ઝુ ના કામ, રૂા. ૨૬.૮૬ લાખના ખર્ચે આંગણવાડીના કામ, રૂા. ૨.૫૦ કરોડના ખર્ચે ટ્રાફીક એન્ડ ટ્રાન્સપોર્ટ સંબંધિત કામો, રૂા. ૧૫.૧૭ લાખના ખર્ચે રસ્તાના કામ, રૂા. ૬૫ લાખના ખર્ચે સ્ટોર્મ વોટર ડ્રેઈનના કામ, રૂા. ૨૮.૩૧ લાખના ખર્ચે વિવિધ વોર્ડના ડ્રેનેજ લાઈનના કામ, રૂા. ૩૩.૩૬ લાખના ખર્ચે વોટર વર્કસ સંબંધિત કામો, રૂા. ૪.૧૪ લાખના ખર્ચે શાળાઓના છાત્રો માટે સ્કૂલ બેગની ખરીદી વગેરે કામોની દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી.



**તા. ૨૧-૪-૨૦૨૩ના રોજ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલ**

### "જનભાગીદારી યોજના" હેઠળ રસ્તોના સાઇડ સોલ્ડરમાં પેવીંગ બ્લોક

શહેરના વોર્ડ નં.૧૦માં રામ પાર્કમાં "જનભાગીદારી યોજના" હેઠળ રસ્તોના સાઇડ સોલ્ડરમાં પેવીંગ બ્લોક લગાડવાના કામે રૂ.૨૫,૦૦,૦૦૦/-નું એસ્ટીમેટ મંજુર કરવામાં આવેલ. જાહેરાત અન્વયે કુલ-૦૪ એજન્સી તરફથી બીડ રજુ થયેલ. જે પૈકી સૌથી ઓછા ભાવ રજુ કરનાર મે. પ્રફુલભાઇ મુંગલપરા તરફથી ૧૫% ઓછા ભાવ રજુ થયેલ. આ કામે કુલ રૂ.૨૧,૨૫,૦૦૦/-નું ખર્ચ થશે. આ કામ અંતર્ગત આશરે ૨૯૬૭ ચો.મી.માં પેવિંગ બ્લોક લગાડવામાં આવશે.આ કામ થવાથી રામ પાર્ક વિસ્તારના આશરે ૨૫૦૦ લોકોની સુવિધામાં વધારો થશે.

શહેરના વોર્ડ નં.૬માં જનભાગીદારીથી બ્રાહ્મણીયાપરાની શેરીઓમાં રસ્તાના સાઈડના પડખામાં પેવિંગ બ્લોક નાખવાના કામે રૂ.૩૦,૦૦,૦૦૦/-નું એસ્ટીમેટ મંજુર કરવામાં આવેલ. જાહેરાત અન્વયે કુલ-૦૨ એજન્સી તરફથી બીડ રજુ થયેલ. જે પૈકી માત્ર એક જ એજન્સી ક્વોલીફાઇ થતા રીટેન્ડર કરવામાં આવેલ. જે અન્વયે કુલ-૦૪ એજન્સી તરફથી બીડ રજુ થયેલ, જેમાં કવોલીફાઇ થયેલ ૦૩ એજન્સીઓ પૈકી સૌથી ઓછા ભાવ રજુ કરનાર પ્રફુલભાઇ મુંગલપરા તરફથી ૯.૬૦% ઓછા ભાવ રજુ થયેલ. આ ભાવ અંગે વાટાઘાટ કરતા, એજન્સી તરફથી ૧૨% ઓછા ભાવ કરી આપેલ. આ કામે કુલ રૂ.૨૬,૪૦,૦૦૦/-નું ખર્ચ થશે. આ કામ અંતર્ગત આશરે ૩૧૮૦ચો.મી.માં પેવિંગ બ્લોક લગાડવામાં આવશે. આ કામ થવાથી બ્રાહ્મણીયાપરા વિસ્તારના આશરે ૬૦૦૦ લોકોની સુવિધામાં વધારો થશે.

### છાત્રો માટે સ્કૂલ બેગ ખરીદી

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત તમામ છ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ માટે બે વર્ષ માટે સ્કુલ બેગ ખરીદ કરવાના કામે કુલ-૦૫ એજન્સી તરફથી બીડ રજુ થયેલ, જેમાં ક્વોલીફાઇ થયેલ કુલ-૦૪ એજન્સી પૈકી સૌથી ઓછા ભાવ રજુ કરનાર આદીનાથ એન્ટરપ્રાઇઝ તરફથી રૂ.૨૯૬.૧૦/- પ્રતિ નંગના ભાવ રજુ થયેલ છે. આ ભાવથી ૧૪૦૦ નંગ સ્કુલ બેગ ખરીદ કરવા માટે કુલ રૂ.૪,૧૪,૫૪૦/-નું ખર્ચ થશે.

### વોર્ડ નં.૧૪માં બોકસ કલવર્ટ

શહેરના વોર્ડ નં.૧૪ માં આવેલ હાથીખાના કુંભારવાડા૧૦ માં નવું બોકસ કલવર્ટ બનાવવાના કામે કુલ રૂ.૧૬,૬૧,૧૬૦/-નું ખર્ચ થશે. આ કામ થવાથી હાથીખાના, કુંભારવાડા, સોરઠીયા પ્લોટ તથા જયરાજ પ્લોટના વિસ્તારના આશરે ૩૦૦૦ લોકોની સુવિધામાં વધારો થશે. હાલના બોક્સ કલ્વર્ટ કરતા નવું બોક્સ કલ્વર્ટ ૦૨ ફૂટ ઉંચુ થશે. તેની પહોળાઇ યથાવત રહેશે, પરંતુ RCC દિવાલ થતાં પાણીનો નિકાલ સહેલાઇથી થઇ શકશે.

### કેનાલ રોડ પર આવેલ કેવડાવાડી-૨૨ને જોડતો બ્રીજ

શહેરના વોર્ડ નં.૧૪ માં કેનાલ રોડ પર આવેલ કેવડાવાડી-૨૨ને જોડતો બ્રીજ બનાવવાના કામે કુલ રૂ.૪૩,૦૫,૩૦૦/-નું ખર્ચ થશે. આ કામ થવાથી કેનાલ રોડ, કેવડાવાડી, હાથીખાના તથા કુંભારવાડા વિસ્તારના આશરે ૩૫૦૦ લોકોની સુવિધામાં વધારો થશે. હયાત બ્રીજ ૭ થી ૮ ફૂટ પહોળો છે, તેના બદલે નવો બ્રીજ ૧૫ ફૂટ પહોળો થશે. તેમાં ૧.૫મી.+૧.૫મી. રસ્તો રહેશે, ૧.૫મી. ની ફૂટપાથ તથા બંને સાઇડની દિવાલ સહિત કુલ ૧૫ ફૂટ થશે.

### પ્રદ્યુમન પાર્ક ઝૂમાં વન્ય પ્રાણીઓના પાંજરામાં તથા મુલાકાતી પાથ પર એનરીચમેન્ટ

શહેરના પ્રદ્યુમન પાર્ક ઝૂ ખાતે જુદા જુદા વન્ય પ્રાણીઓના પાંજરામાં તથા મુલાકાતી પાથ પર એનરીચમેન્ટ કરવાના કામે કુલ રૂ.૩૫,૩૬,૦૦૦/-નું ખર્ચ થશે. આ કામ અંતર્ગત આશરે ૩૩૫ ચો.મી.માં વન્ય પ્રાણીઓના પીંજરા તથા મુલાકાતી પાથ પર એનરીચમેન્ટ કરવામાં આવશે.

### વોર્ડ નં. ૧૫માં ખોડીયારપરા નાલાથી G.I.D.C. મેઈન રોડ પરના નાલા સુધી વરસાદી પાણીની પાઈપગટર

શહેરના વોર્ડ નં. ૧૫ માં આઈ.ટી.આઈ. ખોડીયારપરા નાલાથી જી.આઈ.ડી.સી. મેઈન રોડ પરના નાલા સુધી ૯૦૦ મી.મી. ડાયા. વરસાદી પાણીની પાઈપગટર કરવાના કામે કુલ રૂ.૬૫,૦૧,૦૭૪/-નું ખર્ચ થશે.આ કામ અંતર્ગત આશરે ૭૫૦ રનીંગ મી.માં ૯૦૦મી.મી. ડાયા.ની વરસાદીની પાણીની પાઇપ ગટર કરવામાં આવશે. આ કામ થવાથી ખોડીયારપરા શે.નં.૧૮થી૪૦ વિસ્તારના આશરે ૭૫૦૦ લોકોની સુવિધામાં વધારો થશે.

### પાણી પુરવઠાની સુવિધામાં વધારો કરવા માટેના કામો

જામનગર રોડ પાસે નવી કોર્ટ બિલ્ડીંગ પાસે અંદાજે ૧૨૫ મી. લંબાઈમાં ૮૬૩ એમ.એમ., એમ.એસ. લાઈન આજી ડેમ ખાતેથી લઇ આવી લેઈંગ કામ, ઘંટેશ્વર બસસ્ટેશન પાસે રેલનગર તથા બજરંગવાડી લાઈનનું રૈયાધાર-બેડી લાઈન સાથે જોડાણ કામ, રૈયાધાર જુના GSR પર રૈયાધાર-બેડી લાઈનમાં ૬૦૦ એમ.એમ. એમ.એસ. લાઈનથી જોડાણ કરવાનું કામ તથા ગૌરીદળ થી માધાપર આવતી ૬૦૦ એમ.એમ., એમ.એસ. લાઈન ઉપર સ્લુઝ વાલ્વ ફિક્સ કરવાના કામે કુલ રૂ.૩૩,૩૬,૦૭૬/-નું ખર્ચ થશે. આ કામ અંતર્ગત જામનગર રોડ પાસે નવી કોર્ટ બિલ્ડીંગ પાસે અંદાજે ૧૨૫ મીટર લંબાઈમાં ૮૬૩ એમ.એમ., એમ.એસ.લાઈન આજી ડેમ ખાતેથી લઇ આવી લેઈંગ કામ + ઘંટેશ્વર બસસ્ટેશન પાસે રેલનગર તથા બજરંગવાડી લાઈનનું રૈયાધાર-બેડી લાઈન સાથે જોડાણ કામ + રૈયાધાર જુના GSR પર રૈયાધાર-બેડી લાઈનમાં ૬૦૦ એમ.એમ. એમ.એસ. લાઈનથી જોડાણ કરવાનું કામ + ગૌરીદળ થી માધાપર આવતી ૬૦૦ એમ.એમ., એમ.એસ. લાઈન ઉપર સ્લુઝ વાલ્વ ફિક્સ કરવાનુ કામ કરવામાં આવશે. આ કામ થવાથી રેલનગર તથા બજરંગવાડી હેડવર્ક્સ હેઠળના તમામ વિસ્તારો તથા માધાપર ગામતળ વિસ્તારના લોકોની પાણી પુરવઠાની સુવિધામાં વધારો થશે.

### વોર્ડ નં.૧માં રૈયા તથા ગાંધીગ્રામમાં શાળા નં.-૯૦ આંગણવાડીના કામો

શહેરના વોર્ડ નં.૧માં ટી.પી.સ્કીમ નં.૨૨ (રૈયા)નાં અંતિમખંડ નં.-૬૫ (એ) સોશ્યલ ઇન્ફ્રાસ્ટ્રકચર હેતુનાં અનામત પ્લોટ્માં આંગણવાડી કોડ નં.-૧૦૯ કમ્પાઉન્ડ વોલ સાથે બનાવવા તથા ગાંધીગ્રામ શેરી નં.-૫ જુની શાળા નં.-૯૦નાં કમ્પાઉન્ડમાં આંગણવાડી કોડ નં.-૧૦૬ બનાવવાના કામે કુલ રૂ.૨૬,૮૬,૦૫૦/-નું ખર્ચ થશે. આ કામ અંતર્ગત આશરે ૧૨૮ ચો.મી.માં આર.સી.સી. સ્લેબ એરીયા આંગણવાડી તથા ૪૭ રનીંગ મી.માં કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવશે. આ કામ થવાથી ગાંધીગ્રામ તથા દ્વારકેશ પાર્ક વિસ્તારના આશરે ૨૦૦૦ લોકોની સુવિધામાં વધારો થશે.

### રોડ મેટલીંગ કરવાનું કામ

શહેરના વોર્ડ નં.૧૧માં આવેલ ટી.પી. સ્કી૧મ નં.૧૦, મોટામવા કનેકટેડ ૩૨/એ ના ૧૨.૦૦ મી. રોડને મેટલીંગ કરવાના કામે રૂ.૧૮,૩૪,૦૦૦/-નું એસ્ટીમેટ મંજુર કરવામાં આવેલ. પ્રથમ જાહેરાત અન્વયે કુલ-૦૩ બીડ રજુ થયેલ, જેમાં ક્વોલીફાઇ થયેલ ૦૨ એજન્સી પૈકી સૌથી ઓછા ભાવ રજુ કરનાર એકમાત્ર એજન્સી અક્ષર કન્સટ્રકશન તરફથી ૧૦% ઓછા ભાવ રજુ થયેલ. આ ભાવ વધુ જણાતા ફરી રીટેન્ડર કરવામાં આવેલ. જેમાં કુલ-૦૩ એજન્સીઓના ભાવ રજુ થયેલ, જે પૈકી સૌથી ભોછા ભાવ રજુ કરનાર એજન્સી રામ કન્સટ્રક્શન તરફથી તરફથી ૧૭.૨૮% ઓછા ભાવ રજુ થયેલ. આ કામે કુલ રૂ.૧૫,૧૭,૦૮૫/-નું ખર્ચ થશે. આ કામ અંતર્ગત ૧૨ મી. રોડમાં આશરે ૪૦૮૦ ચો.મી.માં મેટલીંગ કામ કરવામાં આવશે. આ કામ થવાથી ટી.પી. સ્કીમ નં.૧૦ મોટામવા કનેકટેડ ૩૨/એ ના ૧૨.૦૦મી. રોડને લાગુ વિસ્તારના આશરે ૫૦૦૦ લોકોની સુવિધામાં વધારો થશે.

### આધાર કેન્દ્રમાં રીનોવેશન

શહેરના વોર્ડ નં.૦૭માં આવેલ ઓફિસ બિલ્ડીંગ આધાર કેન્દ્રમાં રીનોવેશન કરવાના કામે કુલ રૂ.૧૯,૨૪,૧૬૭/-નું ખર્ચ થશે. આ કામ અંતર્ગત આશરે ૭૭ચો.મી. ક્ષેત્રફળનાં હયાત આધાર કેન્દ્રની પહોળાઈમાં વધારો કરી ૧૨૧ચો.મી. ક્ષેત્રફળ કરવામાં આવશે, તથા ત્યાં જરૂરી ફર્નિચર, કબાટ, ટેબલ, પી.ઓ.પી., એલ્યુમીનીયમ સેક્શન બારી સહિતનું જરૂરી કામ કરવામાં આવશે. જે પરિણામે હાલ ૦૫ કીટના સમાવેશની વ્યવસ્થા છે, તેમા વધારો થઇ કુલ-૧૦ કીટ મુકી શકાશે.

# વોર્ડ નં.૪માં માન.ધારાસભ્ય શ્રી ઉદયભાઈ કાનગડના વરદ્ હસ્તે ગાર્ડનનું લોકાર્પણ











રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૪માં ૫૦ ફૂટ રોડ પર નિર્માણ પામેલ ગાર્ડનનું લોકાર્પણ વિધાનસભા-૬૮ રાજકોટ પૂર્વના યુવા ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે મેયર ડો.પ્રદિપ ડવની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, બાગ બગીચા ચેરમેન અનિતાબેન ગોસ્વામી, કોર્પોરેટર કંકુબેન ઉઘરેજા, નયનાબેન પેઢડીયા,પરેશભાઈ પીપળીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ,વોર્ડ નં. ૪ના પ્રમુખ સી.ટી.પટેલ, મહામંત્રી કાનાભાઈ ઉઘરેજા, દિનેશભાઈ ચૌહાણ, પૂર્વ ડે.મેયર વલ્લભભાઈ દુધાત્રા, અશ્વિનભાઈ મોલિયા, તેમજ આગેવાનો દિલીપભાઈ બોરીચા, મયુરભાઈ ભમર, હિતેષભાઈ ગોહિલ, રણજીતસિંહ જાડેજા, રાજેશ્રીબેન માલવિયા, નયનાબેન માળી, કિશનભાઈ માણસુરીયા, ભરતભાઈ લીંબાસીયા, સંજયભાઈ ઉઘરેજા, રસિકભાઈ પટેલ, પરેશભાઈ લીંબાસીયા, અજયભાઈ લોખિલ, વિનોદભાઈ પેઢડીયા, જીલુભાઈ ગરમર, જીવણભાઈ સવસેટા, રામભાઈ બિહારી, અમિતભાઈ બરાસરા, વિનોદભાઈ પેઢડીયા, અનિલભાઈ તલાવિયા, ગૌતમભાઈ ગોસ્વામી, લાભભાઈ કુગસીયા, ભરતભાઈ બારોટ, ઠાકરશીભાઈ અકબરી, સંજયભાઈ ગોસ્વામી, ઘનશ્યામભાઈ વાંક, રવિભાઈ ગોહિલ, રાજભાઈ ડાંગર, મલ્કેશભાઈ પરમાર, મુકેશભાઈ પંચાલ, નરેશભાઈ ચૌહાણ, રાજભાઈ ડાંગર, અતુલભાઈ ટોપિયા, જેસિંગભાઈ રાઠોડ, વિક્રમભાઈ ડાંગર, જનકભાઈ કુંગસીયા, મોન્ટુભાઈ વિસરીયા, ભરતભાઈ ભખોડીયા, અશ્વિનભાઈ ગોસાઈ, ઉષાબેન મહેતા, વંસાબેન વાળા, રાજુભાઈ મકવાણા વગેરે ઉપસ્થિત રહેલ.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના સમાંતરીત વિકાસને ધ્યાને લઈ નાગરિકોને પોત પોતાના વિસ્તારમાં હરવા ફરવા માટે નાના મોટા ૧૫૮ બગીચાઓ, સીનીયર સીટીઝન પાર્ક, બાલક્રિડાંગણ વિગેરે સુવિધાઓ આપવામાં આવે છે તેમજ આ સુવિધાઓમાં વધારો કરવામાં આવી રહયો છે.

શહેરનું પર્યાવરણ સુધરે, લોકોની સુવિધામાં વધારો થાય, લોકોને હરવા ફરવાના સ્થળો મળી રહે તેવા ઉમદા હેતુથી, વોર્ડ નં.-૪માં આમ પ્રજાજનોને સવિશેષ સુવિધા આપવાના ભાગ રૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ટી.પી.સ્કીમ નં.- ૧૩, ફાયનલ પ્લોટ નં. જી -૧ (ગાર્ડન હેતુ), મોરબી કુવાડવા ટી.પી. રોડ ઉપર તીર્થ રેસીડેન્સીના પાછળના ભાગે ગાર્ડન બનાવવા મંજુર કરવામાં આવેલ.

આ ગાર્ડન પ્લોટનો કુલ વિસ્તાર અંદાજ ૧૦,૬૦૦ ચો.મી. થવા જાય છે . જેને લોકોની સુવિધાને ધ્યાને લઈ બે ભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે. (૧) મહીલા ગાર્ડન (૨) થીમ પાર્ક

## મહીલા ગાર્ડન

આ ગાર્ડનનો વિસ્તાર ૩૧૪૦ ચો.મી. થવા જાય છે. જેમા પેરીફેરી વોકિંગ ટ્રેક, લેન્ડસ્કેપીંગ ગાર્ડન, મેડીટેશન ઝોન, ગઝેબો (રેસ્ટીંગ પોઈન્ટ) લાન પ્લાપ, ફલાવર બેડ, ફીઝીકલ ફીટનેશ ઝોન વિગેરે જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. આ ગાર્ડન મહીલાઓ અને બાળકો માટે અનામત રાખવામાં આવેલછે.

## થીમ પાર્ક ગાર્ડન

આ ગાર્ડનનો વિસ્તાર ૭૪૫૦ ચો.મી. થવા જાય છે . આ ગાર્ડનમાં જુદી જુદી થીમ પ્રમાણેના કન્ટુર લેન્ડસ્કેપીંગ, થીમ હેઝ (ફલાવર બેડ ટાઈપ રોપાની વેરાયટી પ્રમાણેની ગોઠવણી), રોક ગાર્ડન, વાઈડ વોક વે, ઈન્ટરનલ વોક વે, મલ્ટી પ્લે ઈકવીપમેન્ટ, ગઝેબો (રેસ્ટીંગ પોઈન્ટ), પર્યાવરણ જતનના સૂત્રો વિગેરે જેવી સુવિધાઓ આપવામાં આવેલ છે. આ બંને ગાર્ડન વિકસીત કરી ત્રણ વર્ષ નીભાવણી કરવાનું અંદાજ ખર્ચ રૂ.૬૩,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા ચોસઠ લાખ) થવા જાય છે. આ બંને ગાર્ડનમાં બાલક્રિડાંગણના સાધનો તથા ફીઝીકલ ફીટનેશના સાધનો મુકવાનો ખર્ચ ૨૦,૦૦,૦૦૦ (અંકે રૂપીયા વીસ લાખ) થવા જાય છે. જેથી કુલ ખર્ચ ૮૩,૦૦,૦૦૦/- થયેલ છે.







**મેયરશ્રી પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ અને મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલની જાહેરાત**

# ૧૨ એપ્રિલ, ૨૦૨૩થી એડવાન્સ મિલકત વેરા વળતર યોજનાનો પ્રારંભ

**વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમનો તા.૧૫/૦૫/૨૦૨૩ સુધી મિલકતધારકો લાભ લઈ શકશે**





રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉના વરસોની માફક જ સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં પણ એડવાન્સ મિલ્કત વેરાની રકમ ભરપાઈ કરનાર કરદાતાઓને વળતર આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. તા. ૧૨/૦૪/૨૦૨૩થી મિલકત વેરા/પાણી ચાર્જના એડવાન્સ પેમેન્ટ પર વળતર યોજનાનો પ્રારંભ થવા જઈ રહેલ છે, તેમ મેયરશ્રી ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ અને મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલે જણાવ્યું હતું.

### એડવાન્સ મિલકત વેરા વળતર યોજનાની માહિતી

❖ ૩૧ મે સુધી

(૧) ૩૧ મે સુધી વેરાના સંપૂર્ણ રકમ ભરપાઈ કરવા પર ચાલુ વર્ષના માંગણા પર ૧૦% વળતર આપવામાં આવશે.

(૨) ફક્ત મહિલાઓના નામે જ હોય તેવી મિલકતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫% વળતર આપવામાં આવશે.

(૩) ઉપરોક્ત (૧) તથા (૨)માં જણાવેલ વિગતો ઉપરાંત ઓનલાઇન પેમેન્ટ કરનાર મિલ્કત ધારકને આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૧% આપવામાં આવશે.

(૪) ઉપરોક્ત (૧) તથા (૨)માં જણાવેલ વિગતો ઉપરાંત સતત ત્રણ વર્ષથી આવી યોજના દરમ્યાન સંપૂર્ણ વેરો ભરનાર કરદાતાઓને લોયાલીટી બોનસ પેટે વિશેષ ૧% આપવામાં આવશે..

(૫) ઉપરોક્ત (૧) તથા (૨)માં જણાવેલ ૪૦% થી વધારે ડીસેબિલીટી (શારીરિક અશક્ત) હોય અને તેમના જ નામે હોય તેવા રહેણાંક મિલકતોને વિશેષ ૫% વળતર આપવામાં આવશે.

❖ ૧ જુન થી ૩૦ જુન સુધી

(૧) ૧ જુન થી ૩૦ જુન સુધી વેરાના સંપૂર્ણ રકમ ભરપાઈ કરવા પર ચાલુ વર્ષના માંગણા પર ૫% વળતર આપવામાં આવશે.

(૨) ફક્ત મહિલાઓના નામે જ હોય તેવી મિલકતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫% વળતર આપવામાં આવશે.

(૩) ઉપરોક્ત (૧) તથા (૨)માં જણાવેલ વિગતો ઉપરાંત ઓનલાઇન પેમેન્ટ કરનાર મિલ્કત ધારકને આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૧% આપવામાં આવશે.

(૪) ઉપરોક્ત (૧) તથા (૨)માં જણાવેલ વિગતો ઉપરાંત સતત ત્રણ વર્ષથી આવી યોજના દરમ્યાન સંપૂર્ણ વેરો ભરનાર કરદાતાઓને લોયાલીટી બોનસ પેટે વિશેષ ૧% આપવામાં આવશે..

(૫) ઉપરોક્ત (૧) તથા (૨)માં જણાવેલ ૪૦% થી વધારે ડીસેબિલીટી (શારીરિક અશક્ત) હોય અને તેમના જ નામે હોય તેવા રહેણાંક મિલકતોને વિશેષ ૫% વળતર આપવામાં આવશે.

વળતર યોજનામાં શિક્ષણવેરા સિવાય એટલે કે, મિલકતવેરો, પાણીવેરો અને ગાર્બેજ કલેક્શન પર આ વળતર મળવાપાત્ર થશે.

## વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ

ગત વર્ષ ૨૦૨૨-૨૩માં મિલકતધારકોને મિલકતવેરાની અને પાણીવેરાની ચડત રકમ ખુબ જ મોટી હોય છે અને આ રકમ પર વાર્ષિક ૧૮%ના દરે વ્યાજ ચડતું હોય છે. આવા મિલકતધારકોને હપ્તા સિસ્ટમથી પાછલી બાકીની રકમ ભરી શકે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ અમલમાં મુકેલ. આ સ્કીમમાં ચાલુ વર્ષનો સંપૂર્ણ વેરો ભરપાઈ કરવાનો અને પાછલી બાકીની રકમના ૧૦% રકમ ભર્યેથી બાકી રહેલ રકમ પરનું વ્યાજ ચડતું બંધ થાય અને ત્યારબાદ દર વર્ષે અનુક્રમે ૧૫%, ૨૫%, ૨૫% અને ૨૫% હપ્તાની સિસ્ટમ રાખેલ હતી. જેની મુદત ૩૧/૦૩/૨૦૨૩ સુધી હતી.

ઉપરોક્ત સ્કીમમાં પાછલી બાકીની રકમના ૨૫% રકમ ભરપાઈ કરવાની રહેશે. આ સ્કીમ પછીના દરેક વર્ષ માટે પાછલી બાકી રકમના ૨૫% મુજબ કુલ ૪ હપ્તા ભરપાઈ કરવાના રહેશે. ચાર વર્ષમાં મિલકતધારક પાછલી બાકીમાંથી નીકળી જશે અને વ્યાજ ચડતું બંધ થશે. આ સ્કીમનો લાભ આગામી ૧૫/૦૫/૨૦૨૩ સુધીમાં મિલકતધારકો લઈ શકશે.

મિલકતધારકો લાભ લઈ શકે તે માટે ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ વર્ષનો મિલકતવેરો સંપૂર્ણ ભરપાઈ કરે અને પાછલી બાકીની રકમના ૨૫% રકમ ભરપાઈ કરવાની રહેશે. આ સ્કીમ પછીના દરેક વર્ષ માટે પાછલી બાકી રકમના ૨૫% મુજબ કુલ ૪ હપ્તા ભરપાઈ કરવાના રહેશે. ચાર વર્ષમાં મિલકતધારક પાછલી બાકીમાંથી નીકળી જશે અને વ્યાજ ચડતું બંધ થશે. આ સ્કીમનો લાભ આગામી ૧૫/૦૫/૨૦૨૩ સુધીમાં મિલકતધારકો લઈ શકશે.

વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમના કારણે મિલકતધારકને એકી સાથે રકમ ભરવાનું ભારણ રહેશે નહી જેથી શહેરના મિલકતધારકોએ વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમનો લાભ લેવા પદાધિકારીઓએ અપીલ કરેલ છે.

ચાલુ વર્ષની વળતર યોજના તેમજ વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટનો લાભ તારીખ ૧૨/૦૪/૨૦૨૩થી શરૂ થશે અને ઓનલાઈન મિલકતવેરો ભરવા અમલમાં મુકેલ છે.

**નીચે દર્શાવેલ સ્થળોએ મિલકત વેરો ભરપાઈ કરી શકાશે**

૧. ઓનલાઇન (વેબસાઇટ https://www.rmc.gov.in/ તથા RMC ની મોબાઇલ એપ પર)
૨. તમામ સિટી સિવિક સેન્ટરો પર
૩. તમામ વોર્ડની મુખ્ય વોર્ડ ઓફિસો પર

## એડવાન્સ મિલકત વેરા વળતર યોજના

સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં તા.૩૧ મે સુધી એડવાન્સ મિલકત વેરો ભરનાર મિલકતધારકને ૧૦% વળતર તથા મહિલા મિલકતધારકોને વધારાના ૫% વળતર (૧૫%) અને તા. ૧ થી ૩૦ જુન સુધી એડવાન્સ મિલકત વેરો ભરનાર મિલ્કતધારકને ૫% અને મહિલા મિલકતધારકને ૧૦% વળતર આપવામાં આવશે.

ઓનલાઈન વેરો ભરપાઈ કરનાર મિલકત ધારકોને વિશેષ ૧% વળતર, સતત ત્રણ વર્ષથી આવી યોજના દરમ્યાન સંપૂર્ણ વેરો ભરનાર કરદાતાઓને લોયાલીટી બોનસ પેટે વિશેષ ૧% વળતર આપવામાં આવશે.

૪૦% થી વધારે ડીસેબિલીટી (શારીરિક અશક્ત) હોય અને તેમના જ નામે હોય તેવા રહેણાંક મિલકતોને વિશેષ ૫% વળતર આપવામાં આવશે.

## એપ્રિલ માસમાં વેરા વસૂલાત શાખા દ્વારા થયેલ કામગીરીની આછેરી ઝલક

**ટેક્સ રીકવરી ઝુંબેશ**

### એપ્રિલ માસમાં ૩૦૮ પ્રોપર્ટી સીલ

ટેક્સ ચુકવવાનો બાકી હોય તેવી પ્રોપર્ટીઓ સામે વેરા વસુલાત શાખા દ્વારા તા. ૧૨-૪-૨૦૨૩થી તા. ૩૦-૪-૨૦૨૩ સુધીમાં ટેક્સ રીકવરી ઝુંબેશ અંતર્ગત, કુલ ૩૦૮ પ્રોપર્ટી સીલ કરવામાં આવી હતી.

**વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ**

### ૩૨૯ પ્રોપર્ટીઓના રજિસ્ટ્રેશન થયા

વેરા વસુલાત શાખામાં તા. ૧૨-૪-૨૦૨૩થી તા. ૩૦-૪-૨૦૨૩ સુધીમાં વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમમાં ૩૨૯ પ્રોપર્ટીઓના રજિસ્ટ્રેશન થયા અને તેમાં રૂા. ૬૪.૨૮ લાખનો વેરો ચુકવવામાં આવેલ છે.

**એડવાન્સ ટેક્સ વળતર યોજના**

### ૧૧૫૮૧૦ કરદાતાઓએ યોજનાનો લાભ લીધો

તા. ૧૨-૪-૨૦૨૩થી તા. ૩૦-૪-૨૦૨૩ સુધીમાં એડવાન્સ ટેક્સ વળતર યોજનાનો ૧૧૫૮૧૦ કરદાતાઓએ લાભ લીધો હતો અને ટેક્સ પેટે રૂા. ૬૭ કરોડની રકમ ચૂકવેલ છે.

# પ્રિ-મોન્સૂનની કામગીરી અંગે અધિકારીશ્રીઓની બેઠક યોજતા મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ



વર્ષાઋતુ અનુસંધાને આપત્તિ સામેની બચાવ અને રાહત કામગીરીની વ્યવસ્થાના કામે તેમજ કોઇ જાનહાની ન થાય તેને લક્ષમા રાખી મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલેએ નાયબ મ્યુનિ. કમિશનરશ્રી સહિતના અધિકારી સાથે આજે તા. ૨૪-૦૪-૨૦૨૩નાં રોજ મીટિંગ યોજી હતી. જેમાં શહેરમાં વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવાના પ્રશ્નો, તેના કારણો અને ઉકેલો સહિતના મુદ્દાઓ પર અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. કમિશનરશ્રીએ ચોમાસામાં શહેરમાં પાણી ભરાવાના પ્રશ્નને ધ્યાનમાં લઇને તંત્રની કામગીરીમાં કચાશ નાં રહે તેના પર ખાસ ભાર મુક્યો હતો. મ્યુનિ. કમિશનર શ્રી આનંદ પટેલે ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા અનુસંધાને ડેપ્યુટી કમિશનરશ્રીઓ શ્રી અનિલ ધામેલિયા, શ્રી ચેતન નંદાણીને જે જે વિસ્તારોમાંથી પાણી ભરાવાની ફરિયાદો આવતી રહે છે ત્યાં સ્થળ મુલાકાત કરી ફીડબેક મેળવવા અને તેમાં એન્જિનિયરિંગ દ્રષ્ટિકોણ સાથે કેવાકેવા પ્રકારના શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ ઉકેલ લાવી શકાય તે સુનિશ્ચિત કરવા સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. સાથોસાથ જે વિસ્તારોમાં વધુ સમય માટે વરસાદી પાણી એકત્ર થતું હોય એ વિસ્તારોને રેડ ઝોન તરીકે આઇડેન્ટિફાય કરી ત્યાં લોકોની ફરિયાદની રાહ જોયા વગર સત્વરે મહાનગરપાલિકાની ટીમ પહોંચે અને વિનાવિલંબે પાણી નિકાલની કામગીરી થાય તેવી વ્યવસ્થા કરવા સૂચના આપી હતી. જે વિસ્તારોમાં પ્રમાણમાં ઓછું પાણી ભરાય છે અને થોડા સમય બાદ પાણી ઓસરી પણ જતા હોય છે, જોકે આવા યલો ઝોનમાં આવશ્યકતા અનુસાર પાણી નિકાલની કામગીરી કરવા જણાવ્યું હતું.

વધુમાં મ્યુનિ. કમિશનરશ્રીએ વાવાઝોડાની આગાહી તથા ભારે વરસાદ વખતે કેવા પગલા લેવા, વરસાદમાં વિપરીત પરિસ્થિતિ ઉભી થાય ત્યારે વહીવટી તંત્રની કામગીરી જ શ્રેષ્ઠ કામગીરી કરતું હોય છે, નાગરિકોના હિત માટે કંટ્રોલ રૂમ શરૂકરી આવતી ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરી શકાય તેવું આયોજન કરવું, વોંકળા સફાઇ, ગટર સફાઇ, પાણીના વહેણ ઉપર આવતા દબાણો દુર કરવા, વોર્ડ ઓફિસ ખાતે આવતા નાના-મોટા પ્રશ્નો કે ફરિયાદોનો તત્કાલ નિકાલ કરવો, જોખમી કે જર્જરિત બિલ્ડીંગોને સાવચેત કરવા, ખાસ કરીને મુખ્ય માર્ગો અને જ્યાં લોકોની અવરજવર થતી હોય તેવા રસ્તાઓ પરથી જર્જરિત બિલ્ડીંગો દુર કરવા, જોખમી પોલ અને વાયરને સલામત કરવા, નવા બનતા બિલ્ડિંગમાં બિલ્ડિંગ એસોસિએશન સાથે બેઠક કરી કાળજી રાખવી, ગટરનાં કોઇ ઢાંકણા ખુલ્લા ન રાખવા, નબળા ઢાંકણાને તાત્કાલિક બદલાવવા, ચાલુ કામગીરીને ઝડપથી પૂર્ણ કરવી, જળ સંચયનાં કામોઝુંબેશનાં રૂપમાં કરવા તેમજ ટ્યુબવેલને ફરી સજીવન કરવા જેવી કામગીરી પર મ્યુનિ. કમિશનરશ્રીએ અધિકારીઓને સુચના અને માર્ગદર્શન આપ્યું હતું.

વધુમાં મ્યુનિ. કમિશનરશ્રીએ દરેક વોર્ડમાં એડવાન્સ પ્લાનિંગમાં રોસ્ટર મુજબ કર્મચારીઓની ટીમો સ્ટેન્ડ બાય રાખવા અને જ્યાં પણ પાણી ભરાતા હોય તેવા એરીયામાં પાણી નિકાલ માટેની લાઇનની ાળીઓ ચોખ્ખી રાખવા પર ખાસ ભાર મુક્યો હતો.

**પાણી ભરાવાના પ્રશ્નો અને તેના કારણા અને ઉકેલો વિવિધ મુદ્દાઓ પર અધિકારીઓ સાથે ચર્ચાઃ રેડ ઝોન - યલો ઝોન પ્રમાણે વિસ્તારો સુનિશ્ચિત કરી પાણી નિકાલ માટે ટીમો તૈનાત રાખવા મ્યુનિ. કમિશનરશ્રીની સૂચના**



# પ્રતિબંધિત પ્લાસ્ટિકના ૭૬ કીલો ઝબલાં અને અંદાજીત ૨૭૬૦૦ જેટલા ગ્લાસ જપ્ત કરાયા





તારીખઃ ૧૮-૦૪-૨૦૨૩

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ - ૨૦૨૧ અન્વયે ૧૨૦ માઇક્રોનથી ઓછી ઝાડાઇની પ્લાસ્ટિક કેરી બેગ્ઝ તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉત્પાદન, સંગ્રહ, વેચાણ, વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવેલ છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક અને ૧૨૦ માઇક્રોન થી ઓછી ઝાડાઇની પ્લાસ્ટિક વાપરવા સામે પ્રતિબંધ હોવા છતા સેન્ટ્રલ ઝોન ખાતેના માર્ગો જેવાકે દાણાપીઠ રોડ, પરા બજાર મે. રોડ, જયુબેલી મે. રોડ, કરણપરા ચોક, મોચી બજાર મે. રોડ વીગેરે માર્ગો પર આવેલ દુકાનદારો દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટિક કેરી બેગ્ઝ તથા પ્લાસ્ટિક ગ્લાસનો વપરાશ થતો હોવા બાબતે ચકાસણી કરવામાં આવી હતી.

આ કામગીરી દરમ્યાન ૭૬ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઝબલા તેમજ ૨૭,૬૦૦ જેટલા પ્રતિબંધિત પ્લાસ્ટિકના ગ્લાસ જપ્ત કરવામાં આવેલ. તેમજ ૪૬ આસામીઓ પાસેથી કુલ રૂા. ૫૮,૪૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ.

ઉપરોકત કામગીરી રાજકોટ મહાનગરપાલીકા કમિશનરના આદેશ અન્વયે નાયબ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર શ્રી નિલેશભાઇ પરમાર, નાયબ પર્યાવરણ ઈજનેર શ્રી વલ્લભભાઇ જીન્જાલા, મદદનીશ પર્યાવરણ ઈજનેર શ્રી ખેવનાબેન વકાણી, સેનિટેશન ઓફિસર શ્રી જખાણીયાની દેખરેખમાં સેનેટરી ઈન્સ્પેક્ટર શ્રી જેઠવા, શ્રી પરનાલીયા, શ્રી જોશી તથા સેન્ટ્રલ ઝોનના એસ.એસ.આઇ.ની ટીમ દ્વારા આ કામગીરી કરવામાં આવેલ છે.

**૪૬ આસામીઓ પાસેથી રૂ. ૫૮,૪૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરાયો**

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮



# અટલ સરોવરને આખરી ઓપ

રાજકોટ શહેરને સ્વચ્છ, સુંદર અને સુવિધાપ્રદ બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા થઇ રહેલી અવિરત કામગીરીનાં અનુસંધાને મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલે તા. ૧૭-૦૪-૨૦૨૩ના રોજ સ્માર્ટ સિટી એરિયામાં બની રહેલ રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અટલ સરોવર અને વોર્ડ નં.૯માં ગંગોત્રી મેઈન રોડ પર ટીપર વાનના પાર્કિંગ માટે સંભવિત સ્થળની મુલાકાત કરી હતી.

રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં હાલ ૮૫% કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે, જયારે અટલ સરોવરને આખરી ઓપ આપવાની કામગીરી ચાલી રહી છે. આ બંને પ્રોજેક્ટ સંભાળી રહેલ એજન્સીઓ સાથેની વાતચીત દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલે બંને એજન્સીઓને મેન પવાર વધારવા અને ઝડપથી કામગીરી પૂર્ણ કરવા સુચના આપી હતી.

આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાનાં પ્લોટમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ૧૫૭ ટીપર વાનનાં પાર્કિંગ માટે સંભવિત સ્થળની ઓળખ કરવાના ભાગરૂપે મ્યુનિ. કમિશનરશ્રીએ વોર્ડ નં. ૯માં ગંગોત્રી મેઈન રોડ, પામ યુનિવર્સ ટાવર સામે આવેલ ૨૫૩૭ ચો.મી.નાં પ્લોટની મુલાકાત લીધી હતી. જેમાં પ્લોટનું લેવલીંગ, કમ્પાઉન્ડ વોલ, આવશ્યકતા જણાય ત્યાં પેવિંગ બ્લોક, એક ઓફિસ, ટોઇલેટ-બાથરૂમ, ટીપર વાન સાફ કરવા માટેની જગ્યામાં રૂફિંગ વગેરે સુવિધા સત્વરે ઉપલબ્ધ બનાવવા સંબંધિત અધિકારીશ્રીઓને મ્યુનિ. કમિશનરશ્રીએ સુચના આપી હતી.

આજની વિઝિટમાં મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ સાથે નાયબ મ્યુનિ. કમિશનર ચેતન નંદાણી, સિટી એન્જી.શ્રી વાય. કે. ગૌસ્વામી, શ્રી એચ. યુ. દોઢિયા, પર્યાવરણ ઈજનેરશ્રી નિલેશ પરમાર, પી.એ.(ટેક.)ટુ કમિશનરશ્રી હિમાંશુ દવે, નાયબ પર્યાવરણ ઈજનેરશ્રી દિગ્વિજયસિંહ તુવર, ડેપ્યુટી સિટી એન્જી.શ્રી એચ. એમ. સોંડાગર અને એ.ટી.પી. શ્રી રેનીશ વાછાણી વિગેરે હાજર રહ્યા હતા.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા થોડા સમય પૂર્વે જ લોકોને હરવા-ફરવા માટે આજી ડેમ પાસે રામ વન અર્બન ફોરેસ્ટ બનાવવામાં આવેલ છે. પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવું આ સ્થળ લોકોમાં ખૂબ જ પ્રિય બન્યું છે ત્યારે હવે રાજકોટ-વાસીઓને ટૂંક સમયમાં જ હરવા ફરવા માટે વધુ એક ખૂબ સુરત સ્થળની ભેટ મળવા જઇ રહી છે. આ સ્થળ છે સ્માર્ટ સિટી એરિયામાં નિર્માણ પામેલ અટલ સરોવર. આ પ્રોજેક્ટનું આગામી થોડા સમયમાં જ લોકાર્પણ કરવામાં આવી શકે છે. અટલ સરોવર પણ લોકોમાં એટલી જ ચાહના પ્રાપ્ત કરશે તેવી રાજકોટ મહાનગરપાલિકાને આશા છે.





**સ્માર્ટ સિટી એરિયામાં રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર, અટલ સરોવર અને વોર્ડ નં.૯માં ગંગોત્રી મેઈન રોડ પર ટીપર વાનના પાર્કિંગ માટે સંભવિત સ્થળની મુલાકાત કરતા મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ**

**અટલ સરોવરને આપતા આખરી ઓપની કામગીરી ઝડપથી પુરી કરવા સુચના**

# રેસકોર્ષમાં આવેલ ઈન્ડોર સ્ટેડિયમ, સ્વિમિંગ પૂલ, આર્ટ ગેલેરી, સિન્થેટિક એથ્લેટિક ટ્રેકની મુલાકાત કરતા મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલ



તારીખઃ ૨૦-૦૪-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા થઇ રહેલી વિકાસલક્ષી કામગીરીને વધુ વેગ આપવા તથા શહેરીજનોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવા ઉમદા આશય સાથે જુદા જુદા તબક્કે રહેલ પ્રોજેક્ટની સમીક્ષા અર્થે મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલે તા. ૨૦-૦૪-૨૦૨૩ના રોજ રેસકોર્ષ સંકુલમાં સ્થિત શ્રી શ્યામા પ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી, ઇન્ડોર સ્ટેડિયમ, સ્વિમિંગ પૂલ, સિન્થેટીક એથ્લેટિક ટ્રેક, તેમજ આર્ટ ગેલેરી અને વોર્ડ નં.૭માં આવેલ શ્રી અરવિંદભાઈ મણિયાર હોલની પણ મુલાકાત લીધી હતી.

રેસકોર્ષ ખાતે આવેલ આર્ટ ગેલેરીને નવી આધુનિક બનાવવાનાં પ્રોજેક્ટ અનુસંધાને કમિશનરશ્રીએ આ આર્ટ ગેલેરીને ગ્રીન બિલ્ડિંગ કન્સેપ્ટ મુજબ સ્ટેટ ઓફ ધ આર્ટ મોડર્ન સ્વરૂપ આપવા તથા જ્યુબિલી ગાર્ડન ખાતે આવેલ શ્રી અરવિંદભાઈ મણિયાર હોલને નવા ઈન્ટીરિયર સાથે આધુનિક બનાવવા સુચના આપી હતી. વધુમાં મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, ઇન્ડોર સ્ટેડિયમ બન્યું ત્યારથી નાંખવામાં આવેલ રૂફિંગ સિસ્ટમને અપડેટ કરી નવી રૂફિંગ સિસ્ટમ નંખાશે અને જુના થઇ ગયેલા સિન્થેટીક ફ્લોરિંગનાં સ્થાને વૂડન ફ્લોરિંગ ફીટ કરવામાં આવશે. રેસકોર્સ સ્વિમિંગ પૂલમાં નવો બોર બનાવી તેમજ શહેરના તમામ જાહેર બોર રીચાર્જ કરવામાં આવશે.

આ વિઝિટમાં મ્યુનિ. કમિશનરશ્રી સાથે નાયબ મ્યુનિ. કમિશનર ચેતન નંદાણી, સિટી એન્જી.શ્રી એચ. એમ. કોટક, શ્રી બી. ડી. જીવાણી, ડાયરેક્ટર - ગાર્ડન એન્ડ પાર્કસ શ્રી એલ. જે. ચૌહાણ, નાયબ પર્યાવરણ ઈજનેરશ્રી દિગ્વિજયસિંહ તુવર, પી.એ.(ટેક.)ટુ કમિશનરશ્રી હિમાંશુ દવે, આસી. મેનેજરશ્રી દિપેન ડોડીયા, શ્રી બી. એલ. કાથરોટીયા, ડેપ્યુટી સિટી એન્જી.શ્રી બગથરીયા, શ્રી અતુલ રાવલ વિગેરે હાજર રહ્યા હતા.



**હયાત આર્ટ ગેલેરીને ગ્રીન બિલ્ડિંગ કન્સેપ્ટ મુજબ મોડર્ન સ્વરૂપ આપવા તથા શ્રી અરવિંદભાઈ મણિયાર હોલને નવા ઈન્ટીરિયર સાથે આધુનિક બનાવવા મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલની સુચના**

**ઈન્ડોર સ્ટેડિયમમાં નવી રૂફિંગ સિસ્ટમ અને જુના સિન્થેટીક ફ્લોરિંગનાં સ્થાને વૂડન ફ્લોરિંગ ફીટ થશે : ''રેસકોર્સ સ્વિમિંગ પૂલમાં નવો બોર બનાવવા તથા શહેરના તમામ જાહેર બોર રીચાર્જ કરાશે**







# ઝૂ માં પ્રાણી-પક્ષીઓને ઉનાળાની ગરમીથી રક્ષણ આપવા માટે વિશેષ વ્યવસ્થા

**મેયરશ્રી ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ.કમિશ્નરશ્રી આનંદ પટેલ અને બાગ બગીચા સમિતિ ચેરમેનશ્રી અનિતાબેન ગોસ્વામીએ આપેલ માહિતી**

તારીખઃ ૨૫-૦૪-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી ઓફ ઈન્ડીયાના માર્ગદર્શન મુજબ આધુનીક ઢબે વિકાસ કરાતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે પધારતા હોય છે. દર વર્ષે અંદાજિત ૭.૨૫ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે પધારતા હોય છે. હાલ રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે જુદી જુદી ૬૮ પ્રજાતિઓનાં કુલ ૫૪૫ વન્યપ્રાણી-પક્ષીઓ પ્રદર્શિત કરવામાં આવે છે. આ તમામ પ્રાણી-પક્ષીઓને જુદી જુદી ઋતુઓમાં વાતાવરણની કોઈ આડઅસર ન થાય અને તમામની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે દર વર્ષે ઋતુ અનુંસાર ખાસ તકેદારી રાખવામાં આવે છે. હાલ ઉનાળાની ઋતુ ચાલતી હોઈ, સખત તાપ અને ગરમીના કારણે વન્યપ્રાણી-પક્ષીઓમાં વાતાવરણની કોઈ પ્રતીકૂળ અસર ન થાય અને ગરમીથી રક્ષણ મળી રહે તે માટે વન્યપ્રાણી-પક્ષીઓને તેઓની કુદરતી પ્રકૃતી અનુસાર ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ, તેમ, મેયરશ્રી ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશ્નરશ્રી આનંદ પટેલ અને બાગ બગીચા સમિતિ ચેરમેનશ્રી અનિતાબેન ગોસ્વામીએ જણાવ્યું હતું.

❑ **મોટા કદના પ્રાણીઓ (સિંહ, વાઘ, દિપડા, રીંછ વિગેરે)**

➾ આ તમામ પ્રાણીઓના પાંજરામાં વિશાળ પાણીના પોન્ડ બનાવવામાં આવેલ છે. આકરો તાપ તથા ગરમીના સમયે પ્રાણીઓ પોન્ડના પાણીમાં બેસી રહે છે અને ગરમીથી રાહત મેળવે છે.

➾ પાંજરાની અંદર વૃક્ષોની ડાળીઓ વચ્ચે ફોગર (ફુવારા) સીસ્ટમ ગોઠવવામાં આવેલ છે. જેથી સમગ્ર પાંજરાનું વાતાવરણ ઠંડુ રહી શકે.

➾ તમામ પાંજરાની અંદર પ્રાણીઓને બેસવા માટે ખાસ પ્રકારના આર્ટીસ્ટીક વુડન શેલ્ટર બનાવવામાં આવેલ છે. જેના ઉપર પ્રાણીઓ બેસી તડકાથી રાહત મેળવે છે અને મુલાકાતીઓ પણ પ્રાણીઓને સારી રીતે નિહાળી શકે છે.

➾ બપોર પછીના સમયે તાપમાનનો પારો ખુબ ઉંચો હોય ત્યારે રીંછને ખાસ પ્રકારની ફ્રુટ કેન્ડી આપવામાં આવે છે.

➾ રાત્રીના સમયે તમામ પ્રાણીઓના નાઈટ શેલ્ટરમાં પંખા તથા જરૂરીયાત મુજબ કુલરની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

➾ તમામ પાંજરાઓની અંદર પૂરતી માત્રામાં વૃક્ષો હોવાથી પ્રાણીઓ તડકાથી રાહત મેળવે છે.

❑ **નાના કદના પ્રાણીઓ (વરૂ, શીયાળ, ઝરખ, લોમડી, શાહૂડી વિગેરે)**

➾ આ તમામ પ્રાણીઓનાં પાંજરાઓમાં ખાસ પ્રકારની ગુફાઓ બનાવવામાં આવેલ છે જેમાં પ્રાણીઓ ગરમીના સમયે આરામ કરી શકે છે.

➾ પાંજરાની અંદર વૃક્ષોની ડાળીઓ વચ્ચે ફોગર (ફુવારા) સીસ્ટમ ગોઠવવામાં આવેલ છે. જેથી સમગ્ર પાંજરાનું વાતાવરણ ઠંડુ રહી શકે.

➾ રાત્રીના સમયે તમામ પ્રાણીઓના નાઈટ શેલ્ટરમાં પંખાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

❑ **વાંદરા**

➾ તમામ પાંજરાની અંદર પ્રાણીઓને બેસવા માટે ખાસ પ્રકારના આર્ટીસ્ટીક વુડન શેલ્ટર બનાવવામાં આવેલ છે. જેના ઉપર પ્રાણીઓ બેસી તડકાથી રાહત મેળવે છે અને મુલાકાતીઓ પણ પ્રાણીઓને સારી રીતે નિહાળી શકે છે.

➾ બપોર પછીના સમયે તાપમાનનો પારો ખુબ ઉંચો હોય ત્યારે વાંદરાઓને ખાસ પ્રકારની ફ્રુટ કેન્ડી આપવામાં આવે છે.

➾ રાત્રીના સમયે તમામ પ્રાણીઓના નાઈટ શેલ્ટરમાં પંખાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

❑ **પક્ષીઓ**

➾ જુદી જુદી પ્રજાતીઓના પક્ષીઓના પાંજરાની ઉપર ખાસ પ્રકારના સૂકા ઘાસ પાથરી શેડની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

➾ તમામ પાંજરાઓની અંદર ફોગર (ફુવારા) સીસ્ટમ ગોઠવવામાં આવેલ છે. જેથી સમગ્ર પાંજરાનું વાતાવરણ ઠંડુ રહી શકે.

❑ **હરણ**

➾ તમામ હરણના પાંજરાઓમાં વૃક્ષો દ્વારા પુરતા પ્રમાણમાં છાયડાની વ્યવ્સ્થા કરવામાં આવેલ છે.

➾ સાબર હરણ માટે તેઓની પ્રકૃતી અનુસાર ખાસ પ્રકારના મડ પોન્ડની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ગરમીના સમયે સાબર મડ પોન્ડમાં બેસી ગરમીથી રાહત મેળવે છે.

આ ઉપરાંત ઝૂ ખાતેના તમામ પ્રાણી-પક્ષીઓમાં ગરમીના કારણે Diarrhoea - Dehydration ના થાય તે માટે પીવાના પાણીમાં ORS સપ્લાય કરવામાં આવે છે. સામાન્ય રીતે ઉનાળાની સીઝનમાં માંસાહારી પ્રાણીઓમાં અંદાજે ૧૦% જેટલો ખોરાકમાં ઘટાડો નોંધાય છે. જ્યારે સરીસૃપ પ્રજાતીના પ્રાણીઓ જેવા કે મગર, સાપ, કાચબા વિગેરેમાં દૈનીક ખોરાકમાં વધારો નોંધાયેલ છે. હાલ ઉનાળુ વેકેશન શરૂ થઈ ગયેલ હોઈ, મુલાકાતીઓની વિશેષ ભીડ જોવા મળી રહેશે. જેમાં છેલ્લા બે દિવસમાં ઝૂ ખાતે ૧૫૦૦૦થી પણ વધુ મુલાકાતીઓએ ઝૂની મુલાકાત લીધી હતી.





# ઉનાળામાં શહેરની પાણી વિતરણ વ્યવસ્થા પર ધ્યાન કેન્દ્રીત કરતા મ્યુનિ. કમિશનર શ્રી આનંદ પટેલ




રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર શ્રી આનંદ પટેલે વર્તમાન ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખી શહેરીજનોને પીવાનું પાણી નિયમિત ધોરણે મળતું રહે અને સમગ્ર પાણી વિતરણ વ્યવસ્થા વ્યસ્થિતરીતે કાર્યરત રહે તે બાબત પર વિશેષ ભાર મુકી આનુસાંગિક પરિબળોની જાણકારી મેળવી તેની સમીક્ષા કરી છે.

કમિશનરશ્રીએ આ વિશે એમ જણાવ્યું હતું કે, રાજકોટને આજી-૧, ન્યારી-૧, ભાદર ડેમ અને આવશ્યકતા અનુસાર રાજ્ય સરકારશ્રી મારફત ''સૌની યોજના'' હેઠળ નર્મદાનાં નીર પ્રાપ્ત થઈ રહ્યા છે. ઉપલબ્ધ જળ રાશી મુજબ સમગ્ર શહેરમાં યોગ્યરીતે પાણી વિતરણ વ્યવસ્થા જાળવી રાખવા પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે. કમિશનરશ્રીએ તા. ૧૧-૦૪-૨૦૨૩નાં રોજ રૈયાધાર અને જેટકો ચોકડી ખાતે બની રહેલા પચાસ પચાસ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. સાથોસાથ વોર્ડ નં. ૧ અને વોર્ડ નં. ૧૨ની વોર્ડ ઓફિસ ખાતે થઇ રહેલી વિવિધ કામગીરીની ઓવરઓલ સમીક્ષા પણ કરી હતી.

કમિશનરશ્રીએ વિશેષમાં ઉમેર્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાના વોટર વર્કસ પ્રોજેક્ટ શાખા દ્વારા વોર્ડ નં. ૧માં ચાલતા બાંધકામ પ્રોજેક્ટ પૈકી ૫૦ MLD ક્ષમતા ધરાવતા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું સિવિલ, મિકેનિકલ ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટ્રુમેન્ટેશન વગેરે કામગીરી પૂર્ણતાને આરે છે તેમજ ઉકત કામ વહેલી તકે પૂર્ણ કરી શહેરીજનોને વહેલામાં વહેલી તકે પાણી પુરવઠો ઉપલબ્ધ થઈ શકે તે માટે પ્રોજેક્ટ સાઇટ ઉપર રાત-દિવસ યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. રૈયાધાર ખાતેનો નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તાત્કાલિક શરૂ કરવા મ્યુનિ. કમિશનરશ્રી સંબંધિત અધિકારીશ્રીને સુચના આપી છે. આ ઉપરાંત જેટકો ચોકડી પાસે વોર્ડ નં. ૧૧માં બની રહેલા ૫૦ MLD ક્ષમતા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની પણ મુલાકાત આ કામગીરી સત્વરે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા સંબંધિતોને સૂચના આપેલ છે.

દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રીએ વોર્ડ નં. ૧ અને વોર્ડ નં. ૧૨ની વોર્ડ ઓફિસ ખાતે પ્રોફેશન ટેક્સ, ટાઉન પ્લાનિંગ, દીન દયાળ ઔષધાલય, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, ઓનલાઇન-ઓફલાઇન આવતી ફરિયાદો, વોટર વર્કસની ફરિયાદો, મધ્યાહન ભોજન તેમજ ચાલુ પ્રોજેક્ટની કામગીરીની સમીક્ષા કરી તમામ કામો નિશ્ચિત સમય મર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીશ્રીને સુચના આપી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીની વિઝિટ દરમ્યાન નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, સિટી એન્જી. શ્રી એચ. યુ. દોઢિયા, શ્રી કે. પી. દેથરીયા, પર્યાવરણ ઇજનેરશ્રી નિલેશ પરમાર, ગાર્ડન એન્ડ પાર્કસનાં ડાયરેક્ટરશ્રી ચૌહાણ સહીત સંબંધિત અધિકારીશ્રીઓ હાજર રહી વિવિધ શાખાની અને ચાલુ પ્રોજેક્ટની માહિતી આપી હતી.

# રૈયાધાર અને જેટકો ચોકડી ખાતે બની રહેલ ૫૦ MLD ક્ષમતાનાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી : વોર્ડ નં. ૧ તથા ૧૨ની વોર્ડ ઓફિસ ખાતે કામગીરીની સમીક્ષા પણ કરી





## રાઈટ ટુ એજ્યુકેશન

### એકમાત્ર દીકરી હોવા અંગેના ૩૫૦થી વધુ પ્રમાણપત્રો ઈસ્યુ કરતી રાજકોટ મહાનગરપાલિકા



**મેયરશ્રી ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર શ્રી આનંદ પટેલ અને આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી ડો. રાજેશ્રીબેન ડોડીયાએ આપેલ માહિતી**

ગુજરાત રાજ્ય સરકારશ્રી તરફથી જાહેર કરેલ યોજના રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ તા. ૧૦/૦૪/૨૦૨૩થી શરૂ થઇ રહેલી શાળા પ્રવેશની કામગીરી અનુસંધાને કુટુંબમાં એકમાત્ર દિકરી હોય તેવા પરિવારોને શાળા પ્રવેશમાં પ્રાધાન્ય આપવાનું જાહેર કરેલ છે. રાજકોટ મહાનગરપાલિકા તરફથી SINGLE GIRL CHILD (સિંગલ ગર્લ ચાઇલ્ડ)નું પ્રમાણપત્ર આપવામાં આવશે, તેમ મેયરશ્રી ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ અને આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી ડો. રાજેશ્રીબેન ડોડીયાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

આ માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ WWW.RMC.GOV.IN પરથી ફોર્મસ વિભાગમાં જન્મ મરણ વિભાગમાંથી RTE SINGLE GIRL CHILDનુ ફોર્મ ડાઉનલોડ કરી તેમાં સાથે જોડેલ નિયત નમુનાનું રૂ. ૫૦નું નોટરી કરેલ સોગંદનામું તેમજ સાથે બાળકીનો જન્મનો દાખલો (બાળકીને ૬ વર્ષ પુર્ણ હોવા જરૂરી), કુટુંબનું રાશન કાર્ડ જેમાં બાળકીનું નામ હોવુ ફરજિયાત છે તેમજ રાજકોટમાં રહેતા હોય તે બાબતના સરનામાના પુરાવા રૂપે આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, મિલકત વેરા બિલ, ઇલેક્ટ્રીક બિલ, ભાડા કરાર પૈકી કોઈપણ એક પુરાવા રજુ કરી રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન અને વેસ્ટ ઝોન કચેરીના સિટી સિવિક સેન્ટર ખાતે અરજી સ્વીકારવામાં આવેલ હતી. આ અરજી તા. ૧૦/૦૪/૨૦૨૩થી તા. ૨૨/૦૪/૨૦૨૩ના બપોરના ૨ વાગ્યા સુધી આ અરજી સ્વીકારવામાં આવેલ.

# કેકેવી ચોક ખાતે બની રહેલા નવા ફ્લાયઓવર બ્રિજની મુલાકાત લઈ કાર્યપ્રગતિની સમીક્ષા કરતા મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલ



## કાર્યપ્રગતિ...

**રૂ. ૧૨૯.૫૨ કરોડનાં ખર્ચે બની રહેલ ફ્લાયઓવર બ્રિજમાં હાલ ૧૯૫ પી.એસ.સી. ગર્ડર અને ૭ સ્ટીલનાં ગર્ડર બનીને લોન્ચ થઇ ગયેલ છે: ૪૧ પિયર તથા પિયર કેપ અને ટોટલ ૪૦ સ્લેબમાંથી ૩૨ સ્લેબની કામગીરી પૂર્ણ**



## બ્રિજની બંને સાઈડનાં સર્વિસ રોડની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા મ્યુનિ. કમિશનરશ્રીની સુચના

તા. ૧૩-૪-૨૦૨૩

રાજકોટ શહેરમાં સરળ પરિવહન માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે, જે અંતર્ગત ટ્રાફિકવાળા રસ્તાઓ ઉપર વિવિધ સ્થળોએ ઓવરબ્રિજ / અન્ડરબ્રિજ બનાવવામાં આવેલ છે. હાલ શહેરમાં કાલાવડ રોડ પર કેકેવી ચોક ખાતે ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી છે. મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલે આ ફ્લાયઓવર બ્રિજની સંબંધિત અધિકારીશ્રીઓ તથા એજન્સીના પ્રતિનિધિને સાથે રાખી મુલાકાત લીધી હતી અને કાર્યપ્રગતિની સમીક્ષા કરી હતી.

કમિશનરશ્રીએ આ મુલાકાત વિશે જણાવ્યું હતું કે, કેકેવી ચોક ખાતે રૂ. ૧૨૯.૫૨ કરોડનાં ખર્ચે બની રહેલ ફ્લાયઓવર બ્રિજમાં હાલ ૧૯૫ પી.એસ.સી. ગર્ડર અને ૭ સ્ટીલનાં ગર્ડર બનીને લોન્ચ થઇ ગયેલ છે. ૪૧ પિયર તથા પિયર કેપની કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. ટોટલ ૪૦ સ્લેબમાંથી ૩૨ સ્લેબની કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે અને બાકી ૦૮ સ્લેબની કામગીરી ઝડપભેર ચાલી રહી છે, સાથોસાથ બંને સાઈડમાં એપ્રોચ, બંને સાઈડનાં સર્વિસ રોડ, સ્ટોર્મ વોટર લાઈન અને ફૂટપાથની કામગીરી પણ ચાલુ છે. બ્રિજની નીચેના પાર્કિંગ એરિયામાં પેવિંગ બ્લોક લગાવવાની કામગીરી પણ હાલ પ્રગતિમાં છે.

કાલાવડ રોડ પર હેવી વાહન પરિવહન હોવાથી બંને સાઈડનાં સર્વિસ રોડની કામગીરી સહીત બ્રિજની કામગીરી ઝડપી પૂર્ણ કરવા સંબંધિત અધિકારીશ્રી તેમજ એજન્સીને મ્યુનિ. કમિશનરશ્રીએ જરૂરી સુચનાઓ આપી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીની વિઝિટ દરમ્યાન નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, સિટી એન્જી. શ્રી કે. એસ. ગોહેલ, પી.એ.(ટેક.) ટુ કમિશનરશ્રી હિમાંશુ દવે, ડેપ્યુટી એન્જી. શ્રી ગૌતમ દવે તથા એજન્સીના પ્રતિનિધિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર શ્રી અમિત અરોરાની બદલી થતા વિદાયમાન આપતા પદાધિકારીશ્રીઓ



રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનીસીપલ કમિશનર શ્રી અમિત અરોરા ની બદલી ભુજ જીલ્લા કલેકટર તરીકે થતા આજ તા.૦૫–૦૪–૨૩ ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના માન. મેયરશ્રી ડો પ્રદીપ ડવ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ડે. મેયર કંચનબેન સિદ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તેમજ કોર્પોરેટરશ્રીઓ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ.

આ પ્રસંગે માન. મેયર ડો. પ્રદીપ ડવે જણાવેલ કે, કમિશનર સાહેબ દ્વારા તેઓના સમયગાળામાં અનેકવિધ પ્રોજેક્ટો હાથ ધરવામાં આવેલ તેમજ નિવૃત થતા કર્મચારીઓને તુરતજ હકહિસ્સા મળી રહે તેવા ઉમદા નિર્ણયો કરેલ. તેઓ ગ્રાઉન્ડ લેવલથી કામ કરવાની આગવી સુજ ધરાવતા, તેમજ દરેક પ્રોજેક્ટ્સની સતત વિઝિટ લઇ કામગીરી માટે સતત કાર્યરત રહેતા. તેઓએ ચૂંટાયેલી પાંખ, અધિકારી કર્મચારીઓ તથા શહેરના નગરજનોમાં ઘણી લોક ચાહના મેળવેલ. તેઓ ભવિષ્યમાં ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભકામના.

આ આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણીએ મ્યુનિ. કમિશનરશ્રીને કચ્છા જેવા સમગ્ર દેશના સૈથી મોટા જિલ્લામાં કલેકટર તરીકે પોસ્ટીંગ મળવા બદલ અભિનંદન આપતા જણાવેલ કે, રાજકોટ શહેરમાં કમિશનર તરીકેના ૨૧ માસના કાર્યકાળ દરમ્યાન શ્રી અરોરાએ ટુંકા ગાળામાં ઘણી લોકચાહના મેળવેલ છે અને અનેક પ્રોજેક્ટ્સ પૂર્ણ કરેલ છે. તેઓ એક અધિકારી તરીકે આ શહેરમાં એક ખૂબજ સારી ઈમેજ છોડીને જઇ રહ્યા છે, ત્યારે નવી જગ્યાની ખૂબ ખૂબ શુભેચ્છાશ પાઠવું છું.

મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ તમામ પધાધિકારીઓનો આભાર વ્યક્ત કરતા જણાવેલ કે, ૨૧ મહિનામાં તમામ લોકોનો ખુબ સાથ સહકાર મળેલ. ખાસ કરીને માન. મેયરશ્રી, શહેર ભાજપ પ્રમુખશ્રી તેમજ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી સાથે એકદમ નજીકથી કોર્પોરેટરશ્રીઓ પણ ખૂબજ ઉમદા સેવાકિય પ્રવૃત્તિઓ કરે છે. આ શહેર આધુનિકરણમાં પણ અગ્રેસર હોવા છતાં અહીંના લોકોમાં ગ્રામ્ય વિસ્તારના લોકો જેવી લાગણી અને આગતા સ્વાગતાનો ભાવ સવિશેષ જોવા મળેલ છે. મારે પરિવાર સાથે ભવિષ્યમાં જો કોઇ શહેરમાં સેટલ થવાનુ થશે ત્યારે ચોક્કસપણે રાજકોટ શહેરને પસંદ કરીશ.

મારા સમગ્ર કાર્યકાળ દરમ્યાન કામ કરવાની સૌથી વધુ મજા મને રાજકોટમાં આવી અને અત્યાર સુધીનું શ્રેષ્ઠતમ પોસ્ટીંગ રાજકોટ શહેર રહેલ છે. ચુંટાયેલ પાંખ એક પરિવારની જેમ રહેલ છે, અને ખૂબજ સાથ સહકાર સાંપડેલ છે. કોર્પોરેટરશ્રીઓ પણ ખૂબજ ઉમદા સેવાકિય પ્રવૃત્તિઓ કરે છે.

કાર્યક્રમના અંતમાં તમામ પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ ઉપસ્થિત તમામ કોર્પોરેટરશ્રીઓએ કમિશનરશ્રીને પુષ્પગુચ્છ અર્પણ કરીને શુભેચ્છોઓ પાઠવેલ.

# ભોમેશ્વર ડોર્મિટરી ખાતે ઘરવિહોણા લોકો માટે મન તંદુરસ્તી શિબિર યોજાઈ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરમાં ઘરવિહોણા લોકોને આશ્રય મળી રહે તે હેતુથી દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અંતર્ગત રાજકોટ શહેરમાં ભોમેશ્વર ખાતે આવેલ આશ્રયસ્થાનમાં વસવાટ કરતા ઘરવિહોણા લોકો માટે અરવિંદભાઈ મણીયાર જન કલ્યાણ ટ્રસ્ટનાં ઉપક્રમે તા. ૧૮/૦૪/૨૦૨૩નાં રોજ મન તંદુરસ્તી માટેની શિબિર યોજવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં ચૈતન્યાબેન સુરુ, જૈનીબેન કાકડીયા તથા અજયભાઈ વસાણી દ્વારા મન તંદુરસ્તી માટે વિવિધ પ્રકારના યોગ,પ્રાણાયામ ઉપરાંત મનના આનંદ માટે જીવન કેવી રીતે





જીવવું તેમજ મુશ્કેલીનાં સમયમાં પણ નિજાનંદ માટેનાં વિવિધ ઉદાહરણો સાથે ખુબ સરળશૈલીમાં વડીલોને સમજાવવામાં આવ્યું હતું. સાથોસાથ સ્વ–રોજગાર માટે પણ સંસ્થા કેવી રીતે ઉપયોગી થઇ શકે તેની પણ માહિતી આપવામાં આવેલ હતી.

તેમજ આપણી આસપાસનાં લોકો સાથેનાં સંબંધો તથા મેડિટેશન, પ્રાર્થનાનું મહત્વ વગેરે વિષયો અંગે લાભાર્થી સાથે હળવી શૈલીમાં સંવાદ પણ કરવામાં આવેલ હતો. આ શિબિરના આયોજન અંગે ભોમેશ્વર ડોર્મિટરી ખાતે રહેતા ઘરવિહોણા લોકોએ ખુબ જ આનંદ વ્યક્ત કર્યો હતો.

# ગુજરાત સરકારશ્રી દ્વારા કેન્દ્રની "સ્પેશિયલ આસિસ્ટન્સ ફોર કેપિટલ ટુ સ્ટેટ" યોજના હેઠળ રાજકોટ મહાનગરપાલિકાને વિવિધ આઠ પ્રોજેક્ટ માટે કુલ રૂ.૧૦૧.૯૮ કરોડની ખાસ ગ્રાંટ

| Sr No | Work Particulars | Amt in Cr |
|---|---|---|
| 1. | Construction Of New High School At Bhagwatipara Area In T.P., F.P. 31-4 In Ward No 04 | 23.08 |
| 2. | Providing, Lowering, laying, jointing, testing and commissioning of 1100 mm dia DI pipe on route Popatpara MPS to Madhapar STP in nre ward no 03 | 17.1 |
| 3. | Construction Of 30m DP Road in Ward No 03, from morbid bypass to RUDA – RMC Boundary Connecting AIMMS Hospital | 8.89 |
| 4. | Widening of Road from Riddhi SIddhi Nala to Husani Chowk In ward no 18 | 6.99 |
| 5. | Redevelopment of Punitnagar 80 feet Road in Ward no 12 | 6.91 |
| 6. | Re-carpeting of Road from Hudko Chowkdi to Kotharia Gamthal in Ward no 18 | 6.25 |
| 7. | Construction of minor Bridge over 30 DP Road in Ward no 03 (Near Shantinagar -03), Connecting AIMMS Hospital | 5.06 |
| 8. | Laying of 1016 MM Dia 3 LPE MS Pipeline from Nyari-1 to JETCO WTP | 27.7 |
| | | Total = 101.98 |



**મેયરશ્રી ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ અને મ્યુનિ.કમિશ્નર શ્રી આનંદ પટેલએ કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી**

તા. ૧૪-૪-૨૦૨૩

ગુજરાત સરકારશ્રી દ્વારા ભારત સરકારશ્રીની સ્પેશિયલ આસિસ્ટન્સ ફોર કેપિટલ ટુ સ્ટેટ યોજના હેઠળ રાજકોટ મહાનગરપાલિકાને જુદા-જુદા આઠ વિકાસલક્ષી પ્રોજેક્ટ માટે કુલ રૂ.૧૦૧.૯૮ કરોડની ખાસ ગ્રાંટ ફાળવવામાં આવતા મેયરશ્રી ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ અને મ્યુનિ.કમિશ્નર શ્રી આનંદ પટેલે કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હતી.

તેમણે વિશેષમાં, એમ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત ઉપરોક્ત ખાસ ગ્રાંટ ગુજરાત મ્યુનિ.ફાઈનાન્સ બોર્ડ મારફત સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અનુસંધાને વિવિધ આઠ પ્રોજેક્ટ્સ માટે અલગથી જ કુલ રૂ. ૧૦૧.૯૮ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે રાજકોટ શહેરની વિકાસ પ્રક્રિયા ઝડપભેર અવિરતપણે આગળ ધપતી રહે તે માટે સરકારશ્રી તરફથી વખતો વખત જે-તે પ્રોજેક્ટ માટે જરૂરી ગ્રાન્ટ સત્વરે ફાળવવામાં આવતી રહે છે.

# વોર્ડ નં.૧૮માં નિર્માણ પામેલ વોર્ડ ઓફિસનું રાજ્યના માન. કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાના વરદ્ હસ્તે લોકાર્પણ

તા. ૧૫-૪-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૮ સ્વાતિ પાર્ક સોસા. રોડ પર રૂ. ૫૮.૫૦ લાખના ખર્ચે નિર્માણ પામેલ વોર્ડ ઓફિસનું લોકાર્પણ રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના માન.મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરિયાના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમ મેયર ડો.પ્રદિપ ડવના અધ્યક્ષ સ્થાને યોજાયેલ.

આ તકે ડે.મેયર કંચનબેન સિદ્ધપુરા, શાસકપક્ષ નેતા વિનુભાઈ ઘવા, બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, કોર્પોરેટર સંજયસિંહ રાણા, સંદીપભાઈ ગાજીપરા, ભારતીબેન પરસાણા, દક્ષાબેન વાઘેલા, વોર્ડ નં.૧૮ના પ્રભારી જીજ્ઞેશભાઈ જોશી, પ્રમુખ શૈલેશભાઈ બુસા, મહામંત્રી હિતેશભાઈ ઢોલરીયા, રવિભાઈ હમીરપરા, યુવા મોરચાના પ્રમુખ અનિલભાઈ દોંગા, મહિલા મોરચાના પ્રમુખ માલતીબેન ચાવડા, મહિલા મોરચાના સભ્ય ઉર્મિલાબેન, છાયાબેન, આશાબેન, ભાજપ અગ્રણી શૈલેશભાઈ પરસાણા, નટુભાઈ વાઘેલા, દેવાયતભાઈ ડાંગર, કાળુભાઈ કુંમર, દિનેશભાઈ લીંબાસિયા, રાજયગુરૂ સાહેબ, મુન્નાભાઈ જોગરાણા, સુરેશભાઈ ગોલતર, સુરેશભાઈ ઢોલરિયા, હેમંતભાઈ કપુરીયા, જયેશભાઈ પટેલ તેમજ વિસ્તારના ભાઈઓ તથા બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## નવી વોર્ડ ઓફિસમાં સુવિધાઓ

નવી બનાવવામાં આવેલ વોર્ડ ઓફિસમાં ૩૨૬૯.૯૬ ફૂટનું બાંધકામ થયેલ છે. ગ્રાઉન્ડ ફ્લોર પર ટેક્ષ ઈન્સ્પેકટર રૂમ, સેનેટરી ઈન્સ્પેક્ટર રૂમ, વોર્ડ ઓફિસર રૂમ, ટેક્ષ કલેક્શન રૂમ, સ્ટોર રૂમ, ટોયલેટ બ્લોક, ફર્સ્ટ ફ્લોર પર વોર્ડ એન્જીનિયર રૂમ, ટેકનિકલ સ્ટાફ રૂમ, કોન્ફરન્સ રૂમ, સ્ટોર રૂમ, ટોયલેટ બ્લોક વગેરે સુવિધા આપવામાં આવેલ છે.



# ૧૪મી એપ્રિલે 'ફાયર સર્વિસ ડે' મનાવવામાં આવ્યો

## શહિદ થયેલ ફાયર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ : ૦૨ મિનિટ મૌન પળાયું

રાજકોટ મહાનગરપાલિકા ફાયર ઇમરજન્સી સર્વિસીઝ શાખા દ્વારા તા.૧૪/૦૪/૨૦૨૩ ના રોજ કનક રોડ ફાયર સ્ટેશન ખાતે ફાયર સર્વિસ મનાવવામાં આવેલ જેમાં ફાયર સર્વિસ દરમ્યાન જે ફાયર જવાનો શહિદ થયેલ તેઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી ૦૨ મિનિટ મોન પાળેલ. આ કાર્યક્રમમાં માન. મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ, શહેર ભા.જ.પ. પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ડે.મેયરશ્રી કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતાશ્રી વિનુભાઇ ધવા, અગ્નિશમન સમિતિના ચેરમેનશ્રી જ્યોત્સનાબેન ટીલાળા તથા અન્ય મહાનુભાવો તથા ચીફ ફાયર ઓફિસરશ્રી આઇ. વી. ખેર તથા ડે.ચીફ ફાયર ઓફિસરશ્રી બી. જે. ઠેબા, તમામ સ્ટેશન ઓફિસર અને ફાયર સ્ટાફ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ.

# કિંગ્સ હાઈટસ બિલ્ડીંગના રહેવાસીઓને ફાયર સેફ્ટી અંગે તાલીમ અપાઈ









રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતા ફાયર સેફ્ટીના સાધનો અંગે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૧૪/૦૪/૨૦૨૩ નાં રોજ કિંગ્સ હાઇટસ, અમીન માર્ગ, રાજકોટ ખાતે ફાયર સેફ્ટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, આ મોકડ્રીલમાં અંદાજે ૩૫ થી ૪૦ રહેવાસીઓ જોડાયેલ. જે મોકડ્રીલમાં ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના સ્ટેશન ઓફિસર શ્રી એચ.પી.ગઢવી, લીડીંગ ફાયરમેન સંજય મકવાણા, હરીશ્ચન્દ્રસિંહ જાડેજા, મહાવીરસિંહ ઝાલા, નીલેશ વડેખણીયા તથા ૪ ટ્રેનર સહિતના સ્ટાફ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફ્ટીના સાધનોનો આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ચીફ ફાયર ઓફીસરશ્રી આઇ. વી. ખેર અને ડે.ચીફ ફાયર ઓફીસર શ્રી બી. જે. ઠેબાના સુપરવિઝન હેઠળ ફાયર સેફ્ટી અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

આ બાબતે વધુ ને વધુ લોકો ભાગીદાર થાય અને ફાયર સેફ્ટીની તાલીમ મેળવે જેથી આપણા ગૌરવશાળી રાજકોટને વધુ ને વધુ સુરક્ષીત બનાવવા આગળ આવે તેવો જાહેર જનતાને અનુરોધ કરવામા આવે છે. જે બિલ્ડીંગ દ્વારા પોતાની બિલ્ડીંગમાં મોકડ્રીલ આયોજન કરવા સ્વેચ્છીક અરજી કરશે તેમને પહેલી તક આપવામાં આવશે.


















એન.યુ.એલ.એમ. બેંકેબલ યોજનામાં ૭% ઉપરના વ્યાજની સબસીડી

# ધંધો-રોજગાર શરૂ કરવા મહાનગરપાલિકા દ્વારા બેંકો મારફતે ૨ લાખ સુધીની લોન

તા. ૧૮-૪-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા પ્રોજેક્ટ શાખાના DAY-NULM દ્વારા શહેરના રોજગાર વાન્છુક લોકોને જાણ કરવામાં આવે છે કે, દીનદયાળ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજનાનાં સ્વરોજગાર બેંકેબલ યોજના (SEP-I) ઘટક હેઠળ ધંધો રોજગાર શરૂ કરવા માટે રૂ. ૨,૦૦,૦૦૦/– ની મહત્તમ મર્યાદામાં રાષ્ટ્રીયકૃત બેંક મારફત ધિરાણ મળવાપાત્ર છે. આ યોજનાના લાભાર્થીને ૭%થી વધુ વ્યાજ ઉપર વ્યાજ સબસીડી મળવાપાત્ર છે. આ યોજનાનો લાભ લેવા માટે સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજનાનું બી.પી.એલ કાર્ડ, બી.પી.એલ રેશન કાર્ડ, આવાસના લાભાર્થી તથા અનુ. જાતિ, અનુ. જનજાતિના લાભાર્થીઓ તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના–આયુષ્યમાન ભારત કાર્ડ ધરાવતા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળી શકે. ભારત સરકારશ્રી પુરસ્કૃત આ યોજનામાં શહેરી ગરીબોને ધંધા રોજગાર શરુ કરવા અથવા રોજગારના વિકાસ માટે લાભ આપવામાં આવે છે. લોનમાં ૭%થી ઉપરના વ્યાજની સબસીડી તરીકે સહાયતા પ્રાપ્ત થાય છે. લોન ભરપાઈ કરવાનો સમયગાળો ૫ વર્ષથી ૭ વર્ષ રહેશે.

આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા લાભાર્થીઓને કચેરીના કામકાજના દિવસો દરમ્યાન ડો. આંબેડકર ભવન, NULM-CELL રાજકોટ મહાનગરપાલિકા, ઢેબરભાઈ રોડ, ક્રેડીટ સોસાયટીની ઉપર,પ્રથમ માળ ખાતે સંપર્ક કરવો.

## જરૂરી પ્રમાણપત્રો

- પાસપોર્ટ ફોટોગ્રાફ –૨
- ચૂંટણી કાર્ડ
- આધાર કાર્ડ
- પાન કાર્ડ
- સ્કુલ લીવીંગ/જન્મનો દાખલો
- મકાન વેરા બિલ
- ડ્રાઈવિંગ લાયસન્સ (વાહન લોન માટે)
- લાઈટબિલ
- ભાડે રહેતા હોય તો ભાડા ચિઠ્ઠી /સહમતી પત્રક
- ક્વોટેશન ઓરિજિનલ
- બેંક ખાતાની પાસબુકની નકલ

# 'રૂડા'ના ૨૪ ગામોની બલ્ક વોટર સપ્લાય સ્કીમની સમીક્ષા કરતા ચેરમેન શ્રી આનંદ પટેલ





તા. ૧૯-૪-૨૦૨૩

રૂડાનાં ચેરમેન તથા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી આનંદ પટેલ દ્વારા રૂડા કચેરીની મુલાકાત લઈ રૂડા વિસ્તારનાં ચાલતા રસ્તા, બ્રીજીસ, આવાસ, તથા ટી.પી સ્કીમ તેમજ પાણી પુરવઠા યોજનાની કામગીરીની સમીક્ષા કરેલ તેમજ કચેરીનું નિરિક્ષણ કરી સબંધિત અધિકારીઓને જરૂરી સુચનો તથા માર્ગદર્શન આપવામાં આવેલ. ત્યાર બાદ ચેરમેનશ્રી દ્વારા રૂડાનાં ૨૪ ગામોની બલ્ક વોટર સપ્લાય સ્કીમની પ્રગતિમાં રહેલ કામગીરીની સમીક્ષા પણ કરી હતી.

રૂડા વિસ્તારમાં પાઈપ લેઈંગની કામગીરી તથા ગવરીદડ ખાતે તૈયાર થયેલ ૨૫ એમ.એલ.ડી ક્ષમતાનાં જળ શુધ્ધીકરણ પ્લાન્ટની મુલાકાત લઈ તેમણે માહિતી મેળવેલ. ઉપરોક્ત પાણી પુરવઠા યોજના સત્વરે પુર્ણ કરવા ઠેકેદારશ્રી તથા અધિકારીશ્રીઓને સુચના આપી હતી. આ સમગ્ર મુલાકાત દરમ્યાન મુખ્ય કારોબારી અધિકારીશ્રી રાજેશકુમાર ઠુમર તથા પી.એ.(ટેક.)ટુ કમિશનર શ્રી હિમાંશુ દવે તેમજ રૂડાનાં કાર્યપાલક ઈજનેર શ્રી એસ આર પટેલ સાથે જોડાયાં હતા. પાણી પુરવઠા યોજનાનાં પ્રોજેકટની કામગીરી અંગે રૂડાનાં ડાયરેક્ટર(પ્રોજેક્ટસ)શ્રી બી.એ.મારૂ દ્વારા ચેરમેનશ્રીને વાકેફ કરવાયા હતા.



# ઈસ્કોન હાઈટસ વિંગ એ + બી + સી + ડીમાં સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફ્ટી અંગે તાલીમ અપાઈ

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફ્ટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૦૪/૦૪/૨૦૨૩ નાં રોજ ઈસ્કોન હાઈટસ વિંગ એ + બી + સી + ડી, અંબિકા ટાઉન શીપ, મવડી, રાજકોટ ખાતે ફાયર સેફ્ટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, આ મોકડ્રીલમાં અંદાજે ૭૦ થી ૮૦ રહેવાસીઓ જોડાયેલ. જે મોકડ્રીલમાં ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના સ્ટેશન ઓફિસર શ્રી એમ.કે.જુણેજા, લીડીંગ ફાયરમેન વિનોદભાઈ મકવાણા, ફાયરમેન લવકુમાર તિવારી, જયેશભાઈ ડાભી, ડ્રાઈવર કિશોરસિંહ જાડેજા તથા ટ્રેનર સહિતના સ્ટાફ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફ્ટીના સાધનોને આગ લાગે ત્યારે કઈ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસર નો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઈ રીતે પોતાનો તથા અન્યનો બચાવ






કરવો તે અંગે ચીફ ફાયર ઓફીસરશ્રી આઈ. વી. ખેર અને ડે.ચીફ ફાયર ઓફીસર શ્રી બી. જે. ઠેબાના સુપરવિઝન હેઠળ ફાયર સેફ્ટી અંગે માર્ગદર્શન અને મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું.

આ બાબતે વધુ ને વધુ લોકો ભાગીદાર થાય અને ફાયર સેફ્ટીની તાલીમ મેળવે જેથી આપણા ગૌરવશાળી રાજકોટને વધુ ને વધુ સુરક્ષીત બનાવવા આગળ આવે તેવો જાહેર જનતાને અનુરોધ કરવામા આવે છે. જે બિલ્ડીંગ દ્વારા પોતાની બિલ્ડીંગમાં મોકડ્રીલ આયોજન કરવા સ્વેચ્છીક અરજી કરશે તેમને પહેલી તક આપવામાં આવશે.



## રાજકોટના વિકાસને વેગ આપશે નવી ટી.પી. સ્કીમ

# ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૪(મવડી), નં.૩૫(મવડી) અને નં.૩૬(મવડી) મંજુરી અર્થે સરકારશ્રીમાં રજુ કરાઇ

### ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૪(મવડી)

- ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમન-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઇઓ મુજબ રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા દ્વારા તેમનાં ઠરાવ નં.૧૬ તા.૧૯-૦૭-૨૦૨૨થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૪(મવડી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ
- તે અન્વયે નીચે દર્શાવેલ સર્વે નંબરો આવરી લેતા વિસ્તારો માટે અધિનિયમની જોગવાઈ મુજબ આ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૪(મવડી) તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, ગામ મવડીનાં રેવન્યુ સર્વે નં. ૧૯૪ પૈકી, ૨૭૬ થી ૨૯૯, ૪૧૪ તથા ૪૧૫
- યોજનાનો હદ વિસ્તાર (ચતુર્સીમા)
  - ઉત્તરેઃ- રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારના ગામ મોટા મવાનો સીમાડો તથા આખરી નગર રચના યોજના નં.૨૮(મવડી)ની હદ
  - દક્ષિણેઃ-સૂચિત મુ. ન. ર. યો. નં.૩૫(મવડી) તથા રૂડા વિસ્તારના જશવંતપુર ગામનો સીમાડો
  - પૂર્વેઃ-આખરી નગર રચના યોજના નં.૨૮(મવડી)ની હદ
  - પશ્ચિમેઃ- રૂડા વિસ્તારના કણકોટ ગામનો સીમાડો
- યોજનાનું કુલ ક્ષેત્રફળ ૧૭૫૦૭૭૯ ચો.મી. એટલે કે ૧૭૫.૦૮ હેક્ટર જેટલું છે
- આ યોજનાની જમીનોની કામચલાઉ દરખાસ્તો ઘડીને અધિનિયમની જોગવાઈ હેઠળ તા. ૧૨/૧/૨૩નાં રોજ જમીન માલીકોની સભા બોલાવવામાં આવેલ અને યોજનાની દરખાસ્તો અંગે વિસ્તૃત સમજુતી આપીને કચેરીનાં સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખીને રાજયપત્ર તથા દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર પ્રસિદ્ધિ આપીને એક માસમાં વાંધા સુચનો લેખિતમાં રજુ કરવા જણાવેલ, જે પરત્વે ગુણવતાના ધોરણે યોગ્ય લાગે તેવા ફેરફારો કરીને દરખાસ્ત અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવામાં આવેલ છે
- યોજના વિસ્તારમાં કુલ ૮૨ મૂળખંડની સામે ખાનગી તથા સરકારી જમીનોને કુલ ૧૧૪ ફાળવીને રાજકોટ મહાનગર-પાલિકાને અનામત જમીન તરીકે ફાળવાયેલ ૫૪ પ્લોટસ મળીને ૧૬૮ અંતિમખંડ ફાળવેલ છે
- રાજકોટ મહાનગરપાલિકા માટે એસ.ઈ.ડબલ્યુ.એસ.એચ. માટે ૧૦ - ૧,૦૪,૫૪૧ ચો.મી. રહેણાંક વેંચાણ માટે ૦૮ તથા વાણિજ્ય વેંચાણ માટે ૦૮ મળી કુલ ૧૬ - ૧,૫૬,૮૧૯ ચો.મી. સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ૧૨ - ૫૨,૨૬૯ ચો.મી., ગાર્ડન/ઓપન સ્પેસ/પાર્કિંગ હેતુ માટે ૧૬ પ્લોટ્સ - ૫૨,૨૭૨ ચો.મી. મળીને કુલ ૫૪ અંતિમખંડોની ૩,૬૫,૯૦૧ ચો.મી. જમીન અનામત રાખવામાં આવેલ છે.
- ૯ મી., ૧૨ મી., ૧૫ મી., ૧૮ મી., ૨૪ મી. અને ૪૫ મી. પહોળાઈનાં ૨,૯૧,૭૭૮ ચો.મી. જેટલાં અલગ-અલગ ટી.પી. રોડ રાખવામાં આવેલ છે.

### ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૫(મવડી)

- ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમન-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઇઓ મુજબ રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા દ્વારા તેમનાં ઠરાવ નં.૧૭ તા.૧૯-૦૭-૨૦૨૨થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૫-મવડી તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ
- તે અન્વયે નીચે દર્શાવેલ સર્વે નંબરો આવરી લેતા વિસ્તારો માટે આ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૫-મવડી તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ
- મવડીનાં રેવન્યુ સર્વે નં. ૧૯૪ પૈકી, ૩૦૨થી ૩૩૪, ૩૩૫ પૈકી, ૩૩૭ પૈકી, ૩૩૮થી ૩૪૧, ૩૪૨પૈકી તથા ૩૪૩પૈકી
- યોજનાનો હદ વિસ્તાર (ચતુર્સીમા)
  - ઉત્તરેઃ-આખરી નગર રચના યોજના નં.૨૭(મવડી) તથા ૨૮(મવડી)ની હદ તથા સૂચિત મુ.ન.ર.યો.નં.૩૪(મવડી)ની હદ
  - દક્ષિણેઃ- રૂડા વિસ્તારના પાળ ગામનો સીમાડો
  - પૂર્વેઃ- સૂચિત મુ. ન. ર. યો. નં.૩૬(મવડી)ની હદ
  - પશ્ચિમે સૂચિત મુ. ન. ર. યો. નં.૩૪(મવડી)ની હદ તથા રૂડા વિસ્તારના પાળ અને જશવંતપુર ગામનો સીમાડો
- યોજનાનું કુલ ક્ષેત્રફળ ૧૫૩૮૬૧૯ ચો.મી. એટલે કે ૧૫૩.૮૬ હેક્ટર જેટલું છે
- આ યોજનાની જમીનોની કામચલાઉ દરખાસ્તો ઘડીને અધિનિયમની જોગવાઈ હેઠળ તા.૨૧/૧/૨૩નાં રોજ જમીન માલીકોની સભા બોલાવવામાં આવેલ અને યોજનાની દરખાસ્તો અંગે વિસ્તૃત સમજુતી આપીને કચેરીનાં સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખીને રાજયપત્ર તથા દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર પ્રસિદ્ધિ આપીને એક માસમાં વાંધા સુચનો લેખિતમાં રજુ કરવા જણાવેલ, જે પરત્વે ગુણવતાના ધોરણે યોગ્ય લાગે તેવા ફેરફારો કરીને દરખાસ્ત અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવામાં આવેલ છે.
- યોજના વિસ્તારમાં કુલ ૧૦૪ મૂળખંડની સામે ખાનગી તથા સરકારી જમીનોને કુલ ૧૩૬ ફાળવીને રાજકોટ મહાનગર-પાલિકાને અનામત જમીન તરીકે ફાળવાયેલ ૬૪ પ્લોટસ મળીને ૧૯૯ અંતિમખંડ ફાળવેલ છે.
- રાજકોટ મહાનગરપાલિકા માટે એસ.ઈ.ડબલ્યુ.એસ.એચ. માટે ૧૦ - ૧,૦૫,૯૦૧ ચો.મી.
- રહેણાંક વેંચાણ માટે૧૧ તથા વાણિજ્ય વેંચાણ માટે ૦૯ મળી કુલ ૨૦ - ૧,૫૮,૬૫૩ ચો.મી. સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ૧૧ - ૫૨,૯૪૯ ચો.મી. ગાર્ડન/ઓપન સ્પેસ/પાર્કિંગ હેતુ માટે ૨૩ પ્લોટ્સ - ૫૨,૯૫૨ ચો.મી. મળીને કુલ ૬૪ અંતિમખંડોની ૩,૭૦,૬૫૫ ચો.મી. જમીન અનામત રાખવામાં આવેલ છે.
- ૯ મી., ૧૨ મી., ૧૫ મી., ૧૮ મી., ૨૪ મી., ૩૦ મી. અને ૪૫ મી. પહોળાઈનાં ૨,૪૦,૭૦૭ ચો.મી. જેટલાં અલગ-અલગ ટી.પી. રોડ રાખવામાં આવેલ છે.

### ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૬(મવડી)

- ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમન-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઇઓ મુજબ રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા દ્વારા તેમનાં ઠરાવ નં.૧૮ તા.૧૯-૦૭-૨૦૨૨થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૬-મવડી તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ.
- તે અન્વયે નીચે દર્શાવેલ સર્વે નંબરો આવરી લેતા વિસ્તારો માટે સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૬-મવડી તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ
- મવડીનાં રેવન્યુ સર્વે નં.૧૯૪ પૈકી, ૧૫ પૈકી, ૧૬, ૩૭૦ પૈકી, ૩૭૧થી ૩૮૭, ૩૮૮ પૈકી, ૩૮૯ પૈકી, ૩૯૦ પૈકી, ૩૯૭ પૈકી, ૩૯૮ પૈકી, ૩૯૯થી ૪૦૯, ૪૧૦ પૈકી તથા ૪૧૧ પૈકી
- યોજનાનો હદ વિસ્તાર (ચતુર્સીમા)
  - ઉત્તરેઃ- આખરી નગર રચના યોજના નં.૨૭(મવડી)ની હદ તથા મવડી ગામના સર્વે નંબર
  - દક્ષિણેઃ- મુ. ન. ર. યો. નં. ૨૫(વાવડી)ની હદ તથા રૂડા વિસ્તારના પાળ ગામનો સીમાડો.
  - પૂર્વેઃ- આખરી નગર રચના યોજના નં.૧૫(વાવડી)ની હદ તથા મવડી ગામના સર્વે નંબર.
  - પશ્ચિમેઃ- સૂચિત મુ. ન. ર. યો. નં.૩૫(મવડી)ની હદ.
- યોજનાનું કુલ ક્ષેત્રફળ ૧૫૩૫૯૨૩ ચો.મી. એટલે કે ૧૫૩.૫૯ હેક્ટર જેટલું છે.
- આ યોજનાની જમીનોની કામચલાઉ દરખાસ્તો ઘડીને અધિનિયમની જોગવાઈ હેઠળ તા.૨૦/૧/૨૩નાં રોજ જમીન માલીકોની સભા બોલાવવામાં આવેલ અને યોજનાની દરખાસ્તો અંગે વિસ્તૃત સમજુતી આપીને કચેરીનાં સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખીને રાજયપત્ર તથા દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર પ્રસિદ્ધિ આપીને એક માસમાં વાંધા સુચનો લેખિતમાં રજુ કરવા જણાવેલ, જે પરત્વે ગુણવતાના ધોરણે યોગ્ય લાગે તેવા ફેરફારો કરીને દરખાસ્ત અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવામાં આવેલ છે
- યોજના વિસ્તારમાં કુલ ૧૧૪ મૂળખંડની સામે ખાનગી તથા સરકારી જમીનોને કુલ ૧૮૫ ફાળવીને રાજકોટ મહાનગર-પાલિકાને અનામત જમીન તરીકે ફાળવાયેલ ૭૯ પ્લોટસ મળીને ૨૬૪ અંતિમખંડ ફાળવેલ છે
- રાજકોટ મહાનગરપાલિકા માટે એસ.ઈ.ડબલ્યુ.એસ.એચ. માટે ૧૫ - ૧,૦૦,૧૮૬ ચો.મી. રહેણાંક વેંચાણ માટે ૦૯ તથા વાણિજ્ય વેંચાણ માટે ૧૩ મળી કુલ ૨૨ - ૧,૫૦,૨૭૬ ચો.મી., સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ૧૫ - ૫૦,૦૯૫ ચો.મી., ગાર્ડન/ઓપન સ્પેસ/પાર્કિંગ હેતુ માટે ૨૭ પ્લોટ્સ - ૫૦,૦૯૨ ચો.મી., મળીને કુલ ૭૯ અંતિમખંડોની ૩,૫૦,૬૪૯ ચો.મી. જમીન અનામત રાખવામાં આવેલ છે.
- ૯ મી., ૧૨ મી., ૧૫ મી., ૧૮ મી., ૨૪ મી., ૩૦ મી.અને ૪૫ મી. પહોળાઈનાં ૨,૮૨,૩૬૦ ચો.મી. જેટલાં અલગ-અલગ ટી.પી. રોડ રાખવામાં આવેલ છે.



# રાજકોટ પ્રાણી ઉદ્યાનમાં આવ્યા નવા પ્રાણીઓ

**મેયરશ્રી ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ.કમિશ્નરશ્રી આનંદ પટેલ અને બાગ બગીચા અને ઝૂ સમિતિ ચેરમેનશ્રી અનિતાબેન ગોસ્વામીએ આપેલ માહિતી**

તા. ૧૮-૪-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી ઓફ ઇન્ડીયાના માર્ગદર્શન મુજબ આધુનીક ઢબે વિકાસ કરાતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે પધારતા હોય છે. દર વર્ષે અંદાજિત ૭.૨૫ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે પધારતા હોય છે. વન્યપ્રાણી વિનીમય યોજના હેઠળ રાજકોટ ઝૂ દ્વારા ભારતના અન્ય ઝૂ પાસેથી જુદી જુદી પ્રજાતીઓના પ્રાણી-પક્ષીઓ મેળવી ઝૂનો વિકાસ કરવામાં આવે છે. રાજકોટ પ્રાણીઉદ્યાન દ્વારા પીલીકુલા બાયોલોજીકલ પાર્ક, મેંગલોર અને રાજીવ ગાંધી ઝૂલોજીકલ પાર્ક, પુના સાથે જુદા જુદા વન્યપ્રાણીઓની આપ-લે કરી હતી તેમ, મેયરશ્રી ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ.કમિશ્નરશ્રી આનંદ પટેલ અને બાગ બગીચા અને ઝૂ સમિતિ ચેરમેનશ્રી અનિતાબેન ગોસ્વામીએ જણાવ્યું હતું.

સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી, ન્યુ દિલ્હી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા રાજકોટ પ્રાણીઉદ્યાન, રાજીવ ગાંધી ઝૂલોજીકલ પાર્ક, પુના તથા પીલીકુલા બાયોલોજીકલ પાર્ક, મેંગલોર વચ્ચે વન્યપ્રાણી વિનીમય કરવા મંજુરી આપવામાં આવેલ હતી. જે અંતર્ગત નીચેની વિગતે વન્યપ્રાણી વિનીમય કરવામાં આવેલ.

હાલ આ તમામ પ્રાણીઓને વેટરનરી ઓફીસરની દેખરેખ હેઠળ ઝૂ ખાતે ક્વોરેન્ટાઇનમાં રાખવામાં આવેલ છે. જેને ક્વોરેન્ટાઇન પીરીયડ પૂર્ણ થતા મુલાકાતીઓ માટે પ્રદર્શીત કરવામાં આવશે.

**◆ વાઈલ્ડ ડોગ (ભારતીય જંગલી શ્વાન):-**

વાઈલ્ડ ડોગને ધોલ તરીકે પણ ઓળખવામાં આવે છે. વાઈલ્ડ ડોગ આકર્ષક, લાલ-ભુરા કલરના મધ્યમ કદના શ્વાનકૂળના પ્રાણીઓમાં સમાવેશ થાય છે. જેની ઉંચાઇ લગભગ ૨૦ ઇંચ તથા પૂંછડી કાળી અને દોઢ ફૂટ જેટલી લાંબી હોય છે. આ શ્વાન જંગલોમાં જૂથમાં રહે છે. ભારતમાં મુખ્યત્વે પશ્ચિમ ઘાટ, મધ્ય ભારત અને ઉત્તરપૂર્વ ભારતના જંગલોમાં વ્યાપકપણે જોવા મળે છે. ગુજરાતના જંગલોમાં વાઈલ્ડ ડોગ જોવા મળતા નથી. ગુજરાતમાં માત્ર સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય બાદ હવે રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે વાઈલ્ડ ડોગ જોવા મળશે.

**◆ પામ સિવેટ કેટ (તાડ બિલાડી)**

તાડ બિલાડી તાડીનો રસ, ફળો, પક્ષીઓ અને ઉંદરનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. ગુજરાતમાં શુલપાણેશ્વર અભયારણ્ય, પંચમહાલ, છોટાઉદેપુર, દાહોદ, વડોદરા, વલસાડ અને ડાંગનાં જંગલોમાં જોવા મળે છે. મોટાપણે આંબા તથા તાડનાં વૃક્ષો પર જોવા મળે છે.

**◆ રેટીક્યુલેટેડ પાયથન (જાળીદાર અજગર)**

રેટીક્યુલેટેડ પાયથન દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયાનાં જંગલોમાં જોવા મળતો બિનઝેરી સાપ છે. દુનિયાનાં ભારેખમ સાપમાં તેનો સમાવેશ થાય છે. જાળીદાર અજગર ખુબજ સારા તરવૈયા છે. તેમાં શરીર પરની આકર્ષક ડીઝાઇનને કારણે મુલાકાતીઓમાં ખુબ પ્રચલિત પ્રાણી છે.

**◆ રસેલ્સ વાઈપર (ખડચિતળો)**

ખડચિતળો વાઈપર કુળનો ભારતીય ઉપખંડનો નિવાસી સાપ છે. ભારતમાં જોવા મળતા મુખ્ય ચાર ઝેરી સાપ પૈકીનો એક છે. તેનું માથુ ચપટુ અને ત્રિકોણાકાર હોય છે. જે ગળાથી અલગ પડે છે. કુલ લંબાઇ ૦૪ ફુટ સુધી હોય શકે છે. ઘાસનાં જંગલોમાં રાત્રિ દરમિયાન શિકારની શોધમાં નીકળે છે.

**◆ મોન્ટેન ટ્રીન્કેટ (મોન્ટેન રૂપસુંદરી) :**

મોન્ટેન રૂપસુંદરી પશ્ચિમ ઘાટની મુળ નિવાસી બિનઝેરી સાપની જાતિ છે. આ સાપ સોંદર્યનાં પ્રતિક તરીકે માનવામાં આવે છે. રૂપસુંદરીની આંખની પાછળ એક ત્રાંસી કાળી લીટી હોય છે. મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરળ, અને તામિલનાડુમાં જોવા મળે છે. તે પક્ષીઓ દેડકા ગરોળી અને અન્ય સાપનો પણ શિકાર કરે છે.

**◆ ગ્રીન વાઈન સ્નેક (લીલવણ) :**

લીલવણ લાંબા મોઢાવાળા ચાબુક સાપ તરીકે પણ ઓળખાય છે. તે ભારતનાં પશ્ચિમ ઘાટનાં જંગલોમાં જોવા મળે છે. લીલવણ હળવા ઝેરી હોય છે. તેનો મુખ્ય ખોરાક દેડકા અને ગરોળી છે. લીલવણ વેલાઓમાં છુપાઇને જીવન જીવે છે.

**◆ રેટ સ્નેક (ધામણ) :**

આ સાપ ઉંદરનો ખોરાક તરીકે ઉપયોગ કરતો હોવાથી ખેડુતનાં મિત્ર તરીકે ઓળખાય છે. બિનઝેરી સાપ છે. તે શિકારની આસપાસ તેમના શરીરને લપેટીને અને સંકોચન દ્વારા શિકારને ગુંગળાવી દે છે.

**◆ વ્હીટેકર બોઆ :**

આ બોઆ પ્રજાતિનો બિનઝેરી સાપ છે. તે ભારતનો નિવાસી સાપ છે. અમેરિકન સર્પશાસ્ત્રી રોમ્યુલસ વ્હીટેકરનાં માનમાં આ સાપને વ્હીટેકર બોઆ કહેવામાં આવે છે. દક્ષિણ પશ્ચિમ ભારતમાં કેરળ કર્ણાટક ગોવા અને દક્ષિણ મહારાષ્ટ્રમાં જોવા મળે છે. તે મુખ્યત્વે દરિયા કિનારા અને ઝાડીવાળા જંગલોમાં રહેણાંક ધરાવે છે. તે મુખ્યત્વે ઉંદરનો શિકાર કરે છે. તે બચ્ચાને જન્મ આપે છે.

**◆ ઝરખઃ**

ઝરખ એ ઉત્તર અને પૂર્વ આફ્રિકા મધ્ય એશિયા અને ભારતીય ઉપખંડમાં જોવા મળે છે. તેનો મુખ્ય ખોરાક હાડકા છે. તે નિશાચર પ્રાણી છે. તેનાં આગળનાં પગ લાંબા અને પાછળનાં પગ ટુંકા હોય છે. તેમજ શરીર પર ભરાવદાર વાળનું આવરણ હોય છે. તે હસવા/રડવા જેવા અવાજો કરે છે.

ઉપરોક્ત પ્રાણીઓનો ઉમેરો થતા રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે વિવિધ ૬૭ પ્રજાતીઓના કુલ ૫૩૯ વન્યપ્રાણી-પક્ષીઓ થયેલ છે.





## રાજકોટ પ્રાણી ઉદ્યાન દ્વારા પીલીકુલા બાયોલોજીકલ પાર્ક, મેંગ્લોર અને રાજીવ ગાંધી ઝૂલોજીકલ પાર્ક, પુના સાથે વિવિધ વન્ય પ્રાણીઓની આપ-લે

(૧) રાજકોટ પ્રાણીઉદ્યાન તથા પીલીકુલા બાયોલોજીકલ પાર્ક, મેંગલોર વચ્ચે વન્યપ્રાણી વિનીમય

| રાજકોટ ઝૂએ આપેલ પ્રાણીઓ/પક્ષીઓ | | પીલીકુલા ઝૂ, મેંગલોર ખાતેથી મેળવેલ પ્રાણીઓ | |
|---|---|---|---|
| એશીયાઇ સિંહ | માદા ૦૧ | ભારતીય ઢોલ (જંગલી કૂતરા) | નર ૨ : માદા ૨ |
| ભારતીય વરૂ | નર ૧ : માદા ૧ | દિપડા | નર ૦ : માદા ૧ |
| શિયાળ | નર ૧ : માદા ૧ | પામ સીવેટ કેટ | નર ૨ : માદા ૨ |
| કોમ્બ ડક (પક્ષી) | નર ૧ : માદા ૧ | રેટીક્યુલેટેડ પાયથન (સાપ) | નર ૨ : માદા ૨ |
| સિલ્વર ફિઝન્ટ (પક્ષી) | નર ૧ : માદા ૧ | રસલ્સ વાઈપર (સાપ) | નર ૧ : માદા ૧ |
| ગોલ્ડન ફિઝન્ટ (પક્ષી) | નર ૧ | મોન્ટેન ટ્રીન્કેટ (સાપ) | નર ૨ : માદા ૨ |
| ફિંચ (પક્ષી) | નર ૪ : માદા ૪ | ગ્રીન વાઈન સ્નેક (સાપ) | નર ૧ : માદા ૧ |
| | | રેટ સ્નેક (સાપ) | નર ૧ : માદા ૧ |
| | | વ્હિટેકરસ બોઆ (સાપ) | નર ૨ : માદા ૨ |

(૨) રાજકોટ પ્રાણીઉદ્યાન તથા રાજીવ ગાંધી ઝૂલોજીકલ પાર્ક, પુના વચ્ચે વન્યપ્રાણી વિનીમય

| રાજકોટ ઝૂએ આપેલ પ્રાણીઓ | | રાજીવ ગાંધી ઝૂલોજીકલ પાર્ક, પુના ખાતેથી મેળવેલ પ્રાણીઓ | |
|---|---|---|---|
| ભારતીય વરૂ | નર ૦૧ | ઝરખ | નર ૦૧ |









# રાજકોટ મહાનગરપાલિકાના ૧૩ કર્મચારીઓને નિવૃત્તિ વિદાયમાન આપતા મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ






તા.૨૯-૦૪-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકાનાં એપ્રિલ-૨૦૨૩માં નિવૃત થતા ૧૩ કમર્ચારીઓને મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ દ્વારા મોમેન્ટો અને શુભેચ્છા પત્ર આપી વિદાયમાન આપવામાં આવ્યું હતું. વહીવટી તંત્રના હાથ-પગ સમા અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને નિવૃત્તિના દિવસે જ પી.એફ. તેમજ જમા થયેલી હક્ક રજાનું રોકડમાં રૂપાંતર જેવા લાભો મળી જાય તે પણ કમિશનરશ્રી દ્વારા સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે મ્યુનિ. કમિશનરશ્રીએ ફરજ પરથી નિવૃત થતા તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે, રાજકોટ મહાનગરપાલિકામાં અઢી-ત્રણ દાયકા સુધીની લાંબી કારકિર્દીમાં જનહિતના કાર્યોમાં સેવા આપીને નિવૃત થઇ રહેલા તમામ કર્મચારીઓની સાથોસાથ તેમના પરિવારજનોનો પણ હું મહાનગરપાલિકા વતી આભાર વ્યક્ત કરું છું. પરિવારજનોના સાથ સહકારના કારણે જ અધિકારીઓ - કર્મચારીઓ પુરી નિષ્ઠાથી ફરજ બજાવે છે. નિવૃત થતા અધિકારીઓ - કર્મચારીઓ હવે જીવનમાં એક નવી શરૂઆત કરવા જઈ રહ્યા છે ત્યારે તેઓ સ્વસ્થ અને નીરોગી રહે તેમજ પોતાના સંતાનોના સંતાન સાથે શાંતિ અને આનંદથી સમય પસાર કરે એટલે કે તેઓ વ્યાજ સાથે જિંદગી માણે એવી શુભેચ્છા પાઠવું છું. સંતાનોના સંતાનને આપણે વ્યાજ પણ કહીએ છીએ. નિવૃત થયેલ કર્મચારીઓ નોકરીમાં જોડાયા હશે ત્યારે રાજકોટની વસ્તી પાંચેક લાખની હશે જે આજે વીસ લાખ જેવી છે ત્યારે તેઓની કર્તવ્યનિષ્ઠાને હું બિરદાવું છું. મહાનગરપાલિકાને જયારે પણ તેઓના માર્ગદર્શનની જરૂર હશે ત્યારે મળી રહેશે તેવી મને ખાત્રી છે અને તેઓના પ્રશ્નો માટે રાજકોટ મહાનગરપાલિકાનો પરિવાર હંમેશા તેઓની સાથે રહેશે.

એપ્રિલ-૨૦૨૩નાં છેલ્લા દિવસે (૧) એ.એન.સી.ડી. શાખાના લેબર શ્રી જોષી નટવરલાલ ધીરજલાલ, (૨) આવાસ યોજનાના જુનીયર ક્લાર્ક શ્રી ભટ્ટ નીતેશભાઈ રસિકલાલ, (૩) ભાદર સ્કીમના હેલ્પર શ્રી વેકરીયા વલ્લભભાઈ નારાયણભાઈ, (૪) ડ્રેનેજના ડ્રાઈવર શ્રી મકવાણા મનસુખભાઈ સુરાભાઈ, (૫) ફિલ્ટર પ્લાન્ટના હેલ્પર શ્રી ઝીંઝુવાડિયા ગાગજીભાઈ હમીરભાઈ, (૬) જી.એ.ડી.ના સિનીયર ક્લાર્ક શ્રી કતીરા બીપીનભાઈ કાંતિલાલ, (૭) જનરલ કંઝરવન્સીના ડ્રાઈવર શ્રી જાડેજા પ્રધુમનસિંહ ભીખુભા, (૮) આરોગ્ય શાખાના હેડ ક્લાર્ક શ્રી ડોડીયા શૈલેશભાઈ પ્રતાપભાઈ, (૯) લાઈબ્રેરીના જુનિયર ક્લાર્ક શ્રી કલોલા રસિકભાઈ ગિરધરભાઈ, (૧૦) રોશની શાખાના લાઈનમેન શ્રી ઝાલા ગજેન્દ્રસિંહ જસવંતસિંહ, (૧૧) વોટર વર્કસ શાખાના એડી. આસી. એન્જી. શ્રી વાજા નવીનચંદ્ર છગનભાઈ, (૧૨) સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઈ કર્મચારી શ્રી વાઘેલા લક્ષ્મીબેન પ્રાગજીભાઈ અને (૧૩) સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઈ કર્મચારી શ્રી સાગઠીયા પાલુબેન ગોરાભાઈ નિવૃત થયેલ છે.

આ નિવૃત્તિ વિદાય સન્માન સમારોહમાં મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલના વરદ હસ્તે કર્મચારીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં તેમજ કર્મચારીઓના પી.એફ. અને હક્ક રજાના રોકડમાં રૂપાંતર અંગેના ચુકવણીના હુકમો તથા પી.પી.ઓ. બુકની નકલ પણ આપવામાં આવેલ હતી અને સ્વસ્થ નિવૃત જીવનની શુભેચ્છા પાઠવવામાં આવી. નિવૃત્તિ વિદાયમાન કાર્યક્રમમાં નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, ચીફ એકાઉન્ટન્ટશ્રી અમિત સવજીયાણી, સહાયક મ્યુનિ. કમિશનરશ્રી સમીર ધડુક, પર્યાવરણ ઈજનેરશ્રી નિલેશ પરમાર, આરોગ્ય અધિકારીશ્રી ડૉ. જયેશ વકાણી, સિટી એન્જી. શ્રી દેથરીયા, એ.એન.સી.ડી.ના વેટરનરી ઓફિસરશ્રી ડો. બી. આર. જાકાસણીયા, આસિસ્ટન્ટ મેનેજરશ્રીઓ શ્રી મનિષ વોરા અને શ્રી દિપેન ડોડીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



"નિવૃત થયેલ કર્મચારીઓ નોકરીમાં જોડાયા હશે ત્યારે રાજકોટની વસતિ પાંચેક લાખની હશે જે આજે વીસ લાખ જેવી છે ત્યારે તેઓની કર્તવ્યનિષ્ઠાને હું બિરદાવું છું. મહાનગરપાલિકાને જયારે પણ તેઓના માર્ગદર્શનની જરૂર હશે ત્યારે મળી રહેશે તેવી મને ખાત્રી છે અને તેઓના પ્રશ્નો માટે મહાનગરપાલિકાનો પરિવાર હંમેશા તેઓની સાથે રહેશે."

- શ્રી આનંદ પટેલ, મ્યુનિ. કમિશનર, રાજકોટ મહાનગરપાલિકા








